
# અધ્યાત્મ



વર્ષ : ૧૯
ડિસેમ્બર–૧૯૯૭
અંક : ૩

## * કર્મનાં ફળ ભોગવવાં જ પડે. *

કર્મનું ફળ ભોગવવું તો પડે જ છે ને મળે છે પણ ખરું. પણ તે શું એક જ જન્મમાં મળે છે કે બીજા જન્મોમાં પણ મળી શકે છે? એ પ્રશ્નોનો ઉત્તર સાવ સહેલો છે. કેમ કે જો એક વાર આપણે એ વાતનો સ્વીકાર કરી લઈએ કે કર્મનું ફળ મળે જ છે તો પછી તે ના મળે ત્યાંસુધી બીજા જન્મમાંયે તેનો હિસાબ ચાલુ રહેવો જ જોઈએ, એ વાતનો સ્વીકાર કરવામાં આવે છે. તેનાં સારાં–નરસાં ફળ આ જીવનમાં જ મળે છે એવું દરેક વખતે નથી દેખાતું. પણ ફળ મળે છે એ તો સો ટકા સાચું છે. તો પછી બાકી રહેલાં કર્મફળના ભોગ માટે બીજો જન્મ પણ લેવો પડવાનો, ને તે જન્મમાં બાકી રહેલાં કર્મફળ સમયસર સહજ રીતે જ મળતાં રહેવાનાં એ વાત આપોઆપ ફલિત કે સિદ્ધ થાય છે. ચાલુ જીવનમાં કોઈ પણ પ્રકારના સારાં–નરસાં વિશેષ કર્મ વિના પણ, જે સુખ–દુઃખ જન્મની સાથે જ વારસામાં અથવા તો જન્મ પછી ક્રમે ક્રમે મળે છે તેનું કારણ તે જ છે. તે જ કારણથી કેટલાંક બાળકો જન્મથી જ ભારે વ્યાધિ, દુઃખ કે સુખ ને ઉત્તમ અથવા સાધારણ બુદ્ધિનાં ભોગ થઈ પડે છે. જીવનમાં જે કુદરતી આફતો આવે છે ને નુકસાન પહોંચાડે છે તે પણ તેને જ લીધે, ઘટનાઓ થઈ ગયેલાં ને થતાં જતાં–ભૂત, વર્તમાન બંને પ્રકારનાં કર્મોના નિયમના અનુસંધાનમાં એની અસરરૂપે થયા કરે છે. એ કર્મો મિશ્રિત ને ગૂઢ હોય છે કે તેમનો ભેદ જાણવાનું મુશ્કેલ થઈ પડે છે. કોઈ પૂર્ણ યોગી કે પ્રભુની કૃપા પામી ચૂકેલો ભક્ત જ જો ઈચ્છે તો તેમના રહસ્યને સમજી શકે છે.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| મૂર્તિપૂજાનું મહત્ત્વ | જીતેન્દ્ર દેસાઇ | ૧૦ |
| યાત્રા–પરમ સંગાથે | સુરેશ શાહ–કેનેડા | ૧૪ |
| નસીબની બેધારી રમત | સ્વામી કૃષ્ણાનંદ | ૨૧ |
| અહીં! | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૩૧ |
| સાધકને | મંછારામ વિઠ્ઠલદાસ રામાનુજ | ૩૨ |
| ઈશ્વરી સંપદ સમું જીવન | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૩૩ |
| ઘટમાંહી વહેતી ગંગાનું આચમન | જ્યોત્સ્ના ભરતકુમાર ત્રિવેદી | ૩૪ |
| Maa's Edmonton Yatra or Yatra Into the Rockies with Maa | Adarshben Gopal | ૪૮ |
| પરમ પૂ. 'મા'ની એડમન્ટન યાત્રા | જીતુભાઇ ભટ્ટ | ૫૫ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૧૯ ડીસેમ્બર–૧૯૯૭ અંક : ૩


## શ્રી યોગેશ્વર કથામૃત


**મા સર્વેશ્વરી**


**તા. ૧૭–૬–૮૧, બુધવાર, જેઠ સુદ પૂનમ, ૨૦૩૭**

**સ્થળ : માઉન્ટ આબુ, વિહાર હોટેલ, રૂમ નં. ૭.**

સવારે ૬ થી ૮, નખી તળાવના એકાંત બગીચામાં સર્વેશ્વરીએ જપ, પ્રાર્થના રામાયણપાઠ કર્યો. પૂ. શ્રીએ ઉતારા પર રહી, સમયસર મંત્રજપ, સ્નાન, વ્યાયામ કર્યા બાદ લેખનકાર્ય શરૂ કર્યું. સર્વેશ્વરીએ પણ આઠ વાગ્યે આવીને સ્નાન કરી, ભજન લખી ડાયરીનું લેખન કર્યું. ત્યારબાદ કેરી લેવા બજારમાં જઇ આવ્યાં. પૂ. શ્રી સવા અગિયાર સુધી લેખન ચાલુ રાખે છે. સાડા અગિયારે દ્વાર ખોલ્યું.

સૌ સાથે જ ગણેશ ભોજનાલયમાં ભોજન માટે ગયાં. ભોજન દરમ્યાન મસૂરીના ગુરુજીની વાતો પૂ. શ્રીએ કરી. વળી ભોજન

ચાલુ હતું ત્યાં જ મોરબીથી શ્રી સુખલાલભાઇ, મંજુલાબેન, જ્યોત્સ્નાબેન અને બે નાની દીકરીઓ વગેરે આવી પહોંચ્યાં. અમે ભોજન લીધા બાદ તેઓએ ભોજન લીધું.

ભોજન બાદ ઉતારા પર આવીને બેઠાં. શ્રી વિજયભાઇએ ભજન ગાયું. બીજી થોડી વાતો થઇ. આજે સત્સંગ ન થયો પણ શ્રી મીનાબેનની ડાયરીનું પાનું વંચાવ્યું, જેમાં પૂ. શ્રીએ બે વાતનો સુધારો સૂચવ્યો.

મીનાબેને નીચેની નોંધ કરી હતી. (૧) પૂ. શ્રી માટે અમે અંજીર લાવ્યા જેમાં પૂ. શ્રીએ એ સાંભળીને નોંધ કરવાનું સૂચવ્યું કે અંજીરના પૈસા પૂ. શ્રી આપી દેતા હતા. જે મંગાવે તેના પૈસા આપી દેતા હતા. (૨) પૂ. શ્રી જેને જરૂરી હોય તેને ફી વિના સલાહ આપે છે. જેમાં પૂ. શ્રીએ એ સાંભળીને નોંધ કરવાનું સૂચવ્યું કે હમેશાં ફી વિના જ સલાહ–માર્ગદર્શન આપે છે.

વળી આજે પાલનપુરથી આવેલાં સીતાબેને પૂ. શ્રીને પ્રણામ કરી મીઠાઇ ધરી, ત્યારે કોઇએ કહ્યું કે આજે એમનો લગ્નદિન છે.

પૂ. શ્રીએ એ વાત સાંભળતાં સાંભળતાં મીઠાઇનું પેકેટ તોડી સૌને મીઠાઇ આપી. વળી સીતાબેનને વિશેષ આપી ને બાકીના ત્રણેક ટૂકડા રાખ્યા. પૂ. શ્રીએ પણ સર્વેશ્વરીને આપીને પોતે પણ લીધી.

સીતાબેનને પૂ. શ્રીએ કહ્યું : લગ્નજીવન સુખી બનો. "સુખી છે ને?" ના, કોઇકવાર રોષ કરે છે પણ એમ માયા રાખે છે. ખરું ને? "શું જોઇએ છે? માગો." સીતાબેન મૌન રહે છે.

પૂ. શ્રી કહે છે : "(આ મીઠાઇ જેવું) આટલું બધું ગળ્યું લગ્નજીવન પણ સારું નહીં. જો એવું ગળ્યું લગ્નજીવન હોય તો



બીજું કાંઇ સૂઝે જ નહીં. વચ્ચે વચ્ચે ખારા–મીઠા રસ સારા."

વળી થોડી વાતો થઇ. પૂ. શ્રીએ અચ્યુતમ્.... કરાવ્યું. સૌ પ્રણામ કરી વિદાય થયા.

પૂ. શ્રીએ આજે વિવેકચૂડામણિના ૩૦ શ્લોકોનું વાંચન કર્યું. ત્યારપછી આરામ. લેખનનો ક્રમ ૬ સુધી ચાલ્યો.

સાંજે થોડો સત્સંગ કરી સામેના મેદાનમાં સૌ પૂ. શ્રીની સાથે ગયા. ત્યાં પ્રાર્થના થઇ. પૂ. શ્રી ને સર્વેશ્વરી છૂટા પડી ઉતારા પર આવી નાસ્તો કરી આરામ કરે છે.

**તા. ૧૮–૬–૮૧, ગુરુવાર, જેઠ વદ પડવો, ૨૦૩૭**

**સ્થળ : માઉન્ટ આબુ, વિહાર હોટેલ, રૂમ નં. ૭.**

સવારે નિયમિત રીતે સર્વેશ્વરી સાથે સૌ ૬ થી ૮ જપ-ધ્યાનમાં જોડાય છે. સ્થાન દરરોજનું બગીચાનું જ છે. ત્યાંથી આવ્યા બાદ સ્નાન, લેખન બાદ, પૂ. શ્રી સાથે દૂધ લીધું. પૂ. શ્રીનો ક્રમ તો નિયમિત જ હોય. સ્નાન, વ્યાયામ, મંત્રજપ, લેખન અગિયાર સુધી ચાલુ હતાં.

આજે ભોજનાલયમાં પૂ. શ્રીનો ભોજન લેવાનો વિચાર નથી, જેથી અહીં રૂમ પર જ તે મંગાવવાનું વિચાર્યું છે. બે થાળી ભોજનની શ્રી વિજયભાઇ પુરોહિત લઇ આવે છે. શાંતિથી ભોજન લેવાનું બને છે. ભોજનબાદ પૂ. શ્રી બહાર આંટા મારે છે.

સૌ ભોજન માટે જઇ આવે છે. હવે અહીં પૂ. શ્રીના દર્શન–સત્સંગ માટે આવેલાની સંખ્યા ૧૦ પર પહોંચી છે. દશે દશ જણ રૂમમાં આવીને બેસે છે.

પૂ. શ્રી થોડી વ્યવહારની વાતો કરે છે. કહે છે, "આબુ આવવાની વાત સૌ જાણી ગયા. જ્યારે મારો સ્વભાવ એવો છે કે

કોઈ પણ કાર્ય થઈ જાય પછી જાણ કરવી. અમે પરદેશ ગયા તો તારીખ નક્કી થાય ત્યાંસુધી કોઈને જ જાણ ન થાય. પણ મને યોગ્ય લાગે તેને જણાવું. અગાઉથી વાઘ આવ્યો, વાઘ આવ્યો મને ગમે નહીં."

આટલી વાતચીત પછી યોગીકથામૃતનું હું અમેરિકા જાઉં છું પ્રકરણ પૂ. શ્રીએ સમૂહવાચન માટે પસંદ કર્યું. તેથી શ્રી કલ્યાણ તે પ્રકરણ વાંચીને સંભળાવે છે. વાંચનબાદ પૂ. શ્રીએ કહ્યું આ પ્રકરણમાં પ્રાર્થના સંભળાય છે એના બે પ્રસંગો સરસ હતા. જાણવા સૌને મળ્યું. રોજ આ રીતે એક એક પ્રકરણ વાંચીશું.

અચ્યુતમ્ કેશવમ્‌ની ધૂન પૂ. શ્રીએ શરૂ કરી, જેથી સૌ એમાં જોડાયા. સૌએ પ્રણામ કરી વિદાય લીધી.

પૂ. શ્રીએ આરામ કર્યો. સાડાચારથી ૧૫ મિનિટને માટે વિવેકચૂડામણિના ૩૧ થી ૬૧ શ્લોકો વાંચ્યા. ત્યારબાદ રામાયણ લેખન શરૂ કર્યું. સર્વેશ્વરીએ પણ ડાયરીનું લેખન કાર્ય પૂર્ણ કર્યું. આજકાલ સર્વેશ્વરી જ્યારે જ્યારે સમય મળે ત્યારે યોગીકથામૃત વાંચે છે.

છ વાગ્યે દ્વાર ખૂલે છે. મીના પોતાના પિતાજી નંદુભાઈનો પત્ર સર્વેશ્વરીને વંચાવે છે. તેમાં તેમના પિતાજી નંદુભાઈ લખે છે, "તારા વિના ખરેખર સૂનું સૂનું લાગે છે. માટે વહેલી તકે તારી ઇચ્છા હોય ને રીઝર્વેશન મળે એટલે અહીં આવી જજે."

પૂ. શ્રીને આ લીટીઓ સર્વેશ્વરીએ વાંચી સંભળાવી કહ્યું કે મીનાબેનનું તેડું આવી ગયું છે. પૂ. શ્રી કહે : પત્ર તો ખૂબ સ્પષ્ટ રીતે જણાવે છે કે જવું હોય તો જ જવાનું. ઇચ્છા હોય તો– (પછી પત્ર આખોયે પૂ. શ્રી વાંચે છે.)



આ પત્રને ત્રણ રીતે લખી શકાય.

(૧) ઘણાં દિવસ થઈ ગયા. તને કાંઈ સમજ છે કે નહીં આ પત્ર મળ્યે તરત જ આવી જા.

(૨) તું જ્યાં છે ત્યાં જ રહેજે. અમે અહીં સુખી છીએ. તું પણ ત્યાં આનંદમાં હોઈશ.

(૩) અનુકૂળતા હોય ને ઇચ્છા હોય તો આવવું.

આ પત્રમાં નંદુભાઈ કહેવા માંગે છે કે, તમારી ઇચ્છા હોય તો જ જવું. તમે નંદુભાઈને એમ લખી દો. મારા વિના સૂનું લાગે છે. એના કરતાં ભગવાન માટે જીવનમાં સૂનું લાગે એવું કરજો. પ્રભુને લખજો : "હે પ્રભુ ! રીઝર્વેશન મળે કે ન મળે, તમે જલ્દી આવી જાઓ. તમારા વિના ખૂબ જ સૂનું લાગે છે."

આજે સાંજની મુલાકાત આ રીતે હળવા છતાં માર્મિક મનોરંજનથી પૂરી થઈ.

આજે નખીતળાવથી ફરતે પૂ. શ્રી એક આંટો મારવા ઇચ્છે છે. જો કે સૌ તો એવું જ ઇચ્છતા હતા એટલે પૂ. શ્રી સાથે દરરોજ કરતાં નવા એકાંત માર્ગે નખીતળાવ પહોંચ્યા. માર્ગમાં મસૂરીના શ્રી મોહનસિંહ યોગીની વાતો કરી.

વળી આખાયે માર્ગે દરેકને શિબિરના અનુભવો વિષે બોલવા જણાવ્યું. સૌએ પોતપોતાના અનુભવો કહ્યા.

નખીતળાવની પાળની પાસે હનુમાનજીનું મંદિર પણ છે. ત્યાંથી ફરવાનો રસ્તો પસાર થાય છે. સૌ એ મંદિરની નજીક આવી ગયા.

તળાવની પાળ સાથે બે ખુરશી મૂકીને એક વૃદ્ધ ભૂદેવ ખુલ્લા

શરીરે પોતડી વીંટીને ઊભા હતા. પૂ. શ્રીને તેમણે પ્રણામ કર્યાં. પૂ. શ્રીએ એ પ્રણામ ઝીલી થાક લાગ્યો હોવાથી સહેજ ધીમા પડયા. ત્યાં તો પેલા વૃદ્ધ પુરુષે ખુરશી પૂ. શ્રી તરફ ખસેડી, પણ પૂ. શ્રી પાળ ઉપર જ બેઠા.

તેમને પૂ. શ્રીએ પૂછ્યું : અહીં જ રહો છો?

ભાઇ : હા, બે વરસથી રહું છું. દરરોજ પૂજા કરું છું.

ઉપરની ગુફાઓ વિષે થોડી વાતો થઇ. પૂ. શ્રી ઊભા થયા. તે વૃદ્ધ પુરુષ પૂ. શ્રીને કહે : આપ તો સૌમ્ય મૂર્તિ હો. (એમ કહી પ્રેમપૂર્વક તેમણે પૂ. શ્રીને હાથ જોડયા).

પૂ. શ્રીએ કહ્યું : વાસના નિર્મૂળ થાય એટલે સૌમ્યતા આપો-આપ આવે.

પૂ. શ્રીએ એમની પાસેથી વિદાય લીધી. સર્વેશ્વરી તે વૃદ્ધ-પુરુષને પૂ. શ્રીની રજા લઇ ૧૦/– રૂા. ભેટ આપે છે. ફરીથી તે વૃદ્ધ પુરુષ પૂ. શ્રીને નીચા નમીને પ્રણામ કરે છે. એ વૃદ્ધ પુરુષ સૌ માટે અજાણ્યા હતા, છતાં તેમનો વ્યવહાર સંતને છાજે તેવો હતો. સાચા સંત જ બીજા સાચા સંતને ઓળખી શકે તે આ પ્રસંગપરથી સાચું જ હશે એવું જણાય છે.

ત્યાંથી ફરતા ફરતા પૂ. શ્રી મેદાનમાં થઇ શ્રી વિજયભાઇ સાથે ઊતારા પર આવ્યા. બાકીના સૌ સાથે સર્વેશ્વરી અન્યકાર્ય માટે રોકાયાં. પછી ઊતારાપર આવી દૂધ, ફળ, લેતાં પહેલાં ૦॥ કલાક પૂ. શ્રી સાથે ધ્યાનમાં બેઠાં. ત્યારબાદ દૂધ–ફળ લઇ આરામ કર્યો.

આજે પૂ. શ્રીએ આરામ કરતાં પહેલાં એક ભજન ગાવાનું સર્વેશ્વરીને સૂચન કર્યું. જેથી (૧) પ્રભુ અંતર્યામી જીવન જીવના



દીનશરણા, (૨) નજર ભર દેખ લે મુઝકો, શરણ મૈં તેરી આયા હું, (૩) સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ–એમ ત્રણેક ભજનો ગાયાં. પૂ. શ્રીએ પણ તેમાં સૂર પૂરાવતાં કહ્યું દરરોજ સૂતા પહેલાં ગાજો.

પછી આરામ. હરિઃ ૐ.

(ક્રમશઃ)


**સુવાક્ય**

જરૂર છે મર્દોની, બીજું બધું તો થઇ રહેશે. પણ ખરેખર તો બળવાન, દૃઢ, શ્રદ્ધાવાન અને નિષ્ઠાથી ઊભરાતા નવયુવકોની જરૂર છે. જો આવા સો નવયુવકો આવી મળે, તો આ જગતની સુરત પલટી જાય.

સ્વામી વિવેકાનંદ

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# મૂર્તિપૂજાનું મહત્ત્વ

જીતેન્દ્ર દેસાઇ

મૂર્તિપૂજાની ઠેકડી ઉડાવનારાઓને સ્વામી વિવેકાનંદે કરાવેલો અનુભવ પણ યાદ કરવા જેવો છે. સ્વામી વિવેકાનંદ રાજસ્થાનના પ્રવાસે હતા ત્યારે અલ્વરના મહારાજાના દીવાન મેજર રામચંદ્રજીએ સ્વામીજીની પ્રશંસા સાંભળી તેમને પોતાને ઘેર પધારવાનું નિમંત્રણ આપેલું. આ નિમંત્રણ પાછળ તેમનો ખ્યાલ તો પશ્ચિમી ઢબની રહેણીકરણીમાં રાચતા ને ભારતીય સંસ્કૃતિની ઠેકડી ઉડાડતા અલ્વરના મહારાજા મંગળસિંહજીને સ્વામીજી સાથે મેળવી આપવાનો હતો. તે માટે તેમણે અલ્વરથી થોડા માઇલ દૂર રહેતા મહારાજા મંગળસિંહજીને કહ્યું કે અંગ્રેજીનું અદ્ભુત જ્ઞાન ધરાવતા એક મહારાજ, મહાન સાધુ, અહીં આવ્યા છે. એટલે અંગ્રેજીના અદ્ભુત જ્ઞાનવાળા સાધુ કેવા હશે તેની જિજ્ઞાસાથી મહારાજા મંગળસિંહજી અલ્વર આવ્યા. તેમની અને સ્વામી વિવેકાનંદની આ મુલાકાત ઐતિહાસિક બની ગઇ.

શરૂમાં મહારાજે સ્વામીજીની ઠેકડી ઉડાડવા પ્રયાસ કર્યા, પણ વિવેકાનંદના વેધક જવાબ અને વ્યક્તિત્વથી તેઓ થોડા ઝંખવાયા. તેમ છતાં મૂર્તિપૂજાની મજાક ઉડાવતા હોય તેમ તેમણે તેમની વાત ચાલુ રાખી :

મહારાજા : "વારુ મહારાજ, મને મૂર્તિપૂજામાં શ્રદ્ધા નથી. તો મારું શું થશે?" આમ બોલતાં એમણે સ્મિત કર્યું.

સ્વામીજીને સહેજ ખોટું લાગ્યું એટલે એ બોલ્યા : "જરૂર, તમે આ રમૂજમાં બોલો છો."



મહારાજા : "નહીં સ્વામીજી, બિલકુલ નહીં. ખરેખર, મને બીજા લોકોની જેમ લાકડા, માટી, પથ્થર કે ધાતુની પૂજા કરવાનું રુચતું નથી. તો પછી શું પરલોકમાં મારી દુર્ગતિ થશે?"

સ્વામીજી : "મહારાજ, મને લાગે છે કે દરેક માણસે ધાર્મિક બાબતોમાં પોતપોતાના આદર્શ અને શ્રદ્ધાને અનુસરીને ચાલવું જોઇએ."

સ્વામીજીનો આવો પ્રત્યુત્તર સાંભળીને એમના ભક્તો વિમાસણમાં પડયા, કારણ કે તેઓ જાણતા હતા કે સ્વામીજી મૂર્તિપૂજામાં માને છે, પરંતુ સ્વામીજીએ હજી પોતાનો ઉત્તર પૂરો કર્યો ન હતો. એમની દૃષ્ટિ દીવાલ ઉપર ટીંગાતી મહારાજાની છબી ઉપર પડી. એમણે એ છબી મંગાવી. પોતાના હાથમાં એને પકડીને સ્વામીજીએ પૂછ્યું, "આ છબી કોની છે?"

દીવાનસાહેબે જવાબ આપ્યો : "અમારા મહારાજાસાહેબની."

સ્વામીજી : "ઠીક, આની ઉપર થૂંકો. તમારામાંથી કોઇ પણ જણ આની ઉપર થૂંકી શકે છે. એમાં એક કાગળના ટૂકડા સિવાય બીજું શું છે? થૂંકવામાં તમને વાંધો સો હોઇ શકે?"

સૌ ધ્રૂજી ગયા. મહારાજાસાહેબની છબી ઉપર થૂંકવું? ભયભીત થઇને તેઓ ઘડીકમાં મહારાજ તરફ તો ઘડીકમાં સ્વામીજી તરફ જોવા લાગ્યા, પરંતુ સ્વામીજીએ તો ફરીવાર બેધડકપણે કહ્યું : "આના ઉપર થૂંકો. હું કહું છું કે આની ઉપર થૂંકો."

બીકથી વિહ્વળ બની ગયેલા દીવાનસાહેબે કહ્યું : "અરે સ્વામીજી, આપ અમને શું કરવાનું કહો છો? આ તો મહારાજાસાહેબની છબી છે. એની ઉપર હું કેમ થૂંકી શકું?"

સ્વામીજી : "ભલે તેમની છબી હોય, પરંતુ મહારાજા સાહેબ

પોતે કંઇ આ છબીમાં બેઠા નથી. આ તો માત્ર કાગળનો કકડો છે. એમાં નથી એમનાં હાડ, ચામ, માંસ કે લોહી. મહારાજાસાહેબની જેમ એ કંઇ બોલતીચાલતી નથી. છતાં તમે સૌ એની ઉપર થૂંકવાની ના પાડો છો, કારણ કે એમાં તમે મહારાજાસાહેબની આકૃતિ જુઓ છો. વસ્તુતઃ તો છબી ઉપર થૂંકવામાં તમને તમારા મહારાજાનું જ અપમાન લાગે છે." પછી મહારાજાસાહેબ સામે જોઇને એમણે આગળ ચલાવ્યું : "જુઓ, મહારાજાસાહેબ, એક દૃષ્ટિએ આમાં તમે નથી, છતાં બીજી દૃષ્ટિએ એમાં તમે જ રહેલા છો. એથી જ તમારા વફાદાર અધિકારીઓને મેં જ્યારે થૂંકવાનું કહ્યું ત્યારે તેઓ મૂંઝાઇ ગયા. આ છબી તમારી છાયા છે. એટલે એ તમને તમારી યાદ આપે છે. એના પ્રત્યે નજર કરવાથી જ તેઓને એમાં તમારાં દર્શન થાય છે. તેથી તમારી જાત પ્રત્યે તેમને જેટલું માન છે તેટલું જ આ છબી પ્રત્યે પણ છે. આવો જ ભાવ દેવદેવીઓની પથ્થર કે ધાતુની મૂર્તિ પૂજતા ભક્તોનો હોય છે. તેઓ મૂર્તિમાં ભગવાનની પૂજા કરે છે, કારણ કે એ મૂર્તિ તેમને તેમના ઇષ્ટદેવનું સ્મરણ કરાવે છે, મનને એકાગ્ર કરવામાં સહાય કરે છે. તેઓ કંઇ મૂર્તિને પથ્થર કે ધાતુ તરીકે પૂજતા નથી. મેં અનેક સ્થળો જોયાં છે, પરંતુ ક્યાંય એવો એક પણ હિંદુ મેં જોયો નથી કે જે એક મૂર્તિ જોઇને કહેતો હોય કે 'હે પથ્થર, હું તમને પૂજું છું. હે ધાતુ, મારા તરફ કરુણા કર. માટે મહારાજાસાહેબ, દરેક મનુષ્ય એ એક જ ઈશ્વરને ભજે છે જે પરમાત્મા છે, જ્ઞાનસ્વરૂપ છે. વળી પરમાત્મા તો સૌને પોતપોતાના બુદ્ધિ અને ભાવ પ્રમાણે દેખાય છે. મહારાજસાહેબ, હું આ મારા માટે બોલું છું. આપને માટે તો હું કેમ કંઇ કહી જ શકું ?"



સ્વામીજીની વાણી એકધ્યાન થઇને સાંભળી રહેલા મહારાજા મંગલસિંહે હાથ જોડીને કહ્યું, "સ્વામીજી, મારે કબૂલ કરવું પડશે કે આપે મૂર્તિપૂજા ઉપર જે પ્રકાશ પાડયો તે બરાબર છે. મેં પણ હજી સુધી તેવો કોઇ મનુષ્ય જોયો નથી કે જે પથ્થર, કાષ્ઠ કે ધાતુને એ રીતે પૂજતો હોય. આટલો વખત મૂર્તિપૂજાનું રહસ્ય હું સમજતો ન હતો. આપે તો મારી આંખો ઊઘાડી છે."

કાગળના ટૂકડા પર છાપેલી પોસ્ટની ટિકિટમાં, એ છબીમાંય જીવને ભાવ છે, જો આપણું મન જાગ્રત ને જીવતું હોય તો. પથ્થરની મૂર્તિમાંય પ્રાણ છે, આપણા જીવનનો ધબકાર સાચી ભક્તિમાં ઢાળી શક્યા હોઇએ તો.

○

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧

# યાત્રા–પરમ સંગાથે

સુરેશ શાહ, કેનેડા.

તા. ૩ મે–૧૯૯૭, શનિવાર, મેમ્ફીસ.

મેમ્ફીસ–ટેનસીમાં આજે ત્રીજો દિવસ છે. આજે સવારે સૂર્યદેવતા પ્રસન્ન છે, અતિપ્રસન્ન છે. ઉષ્માભર્યો દિવસ આરંભાય છે. સત્સંગની પ્રથમ બેઠકથી. સવારના ૧૦–૦૦ થી ૧૨–૦૦ મંત્રોચ્ચાર, પૂ. શ્રી અને પૂ. માની બાવની, મંત્રગાન, ધ્યાન, ધૂન અને ભજન.

પૂ. મા બરોબર ૧૦–૩૦ વાગે, પ્રભુના સ્વરૂપ સાથે પ્રાર્થના-ખંડમાં પ્રવેશે છે. ખૂબ જ પ્રફુલ્લિત પૂ. મા વ્યાસપીઠ ઉપર બિરાજતાંની સાથે જ મંત્રજપ કરતાં જણાય છે. પ્રાણમાં પધરાવેલ પરમ પૂ. શ્રીનું પૂ. મા નિરંતર, એકનિષ્ઠાથી ધ્યાન ધરે છે. વ્હાલની વેણુ સાંભળતાં રહે છે અને પૂ. શ્રીનું આકંઠ પાન કરતાં દેખાય છે. મરજીવાની જેમ સાગરને તળીએ બેસીને મોતી પામી લીધાનો સંતોષ દર્શનથી વર્તાય છે.

આજે मूकम् करोति वाचालम् દિવસ છે. જેઓ યાત્રામાં જોડાયા છે અને સત્સંગમાં આવે છે તેમાંથી ક્યારેય એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. તેઓને બોલાવા પૂ. મા આજ્ઞા કરે છે. વક્તાઓ પૂ. માના સાન્નિધ્ય અને દર્શનથી ધન્યતા પામવાનો એકરાર કરે છે, સાથે સાચા હૃદયથી કરેલી પ્રાર્થના જરૂર સંભળાય છે. તેના અનુભવની વાતો પણ થાય છે. યજમાન શ્રીમતી ગુલાબબેન પૂ. માના સત્સંગમાં ભાઈઓ કરતાં બહેનો વધારે પ્રમાણમાં જોવા



મળે છે, તેમ જણાવે છે. પૂ. મા લખીને જણાવે છે કે, પૂ. મા સ્ત્રીસંત છે માટે જ એવું થાય તે સ્વાભાવિક છે. છતાં ગુલાબબેન પૂ. મા પ્રતિ સત્સંગ પ્રેમ બહેનોમાં વધુ હોવાના કારણને દોહરાવે છે ત્યારે પૂ. મા સ્લેટ ઉપર લખીને જણાવે છે કે, "અમે પુરુષ પણ નથી અને સ્ત્રી પણ નથી." આથી મનમાં સહજ થાય છે કે પૂ. મા લિંગ અને જાતિથી પર છે. સંસારના નિયમને પાળવા જ તેમણે શરીર ધારણ કર્યું છે પણ દેહ હોવા છતાં પૂ. માની અવસ્થા દેહાતીત છે.

"દેહ છતાં જેની દશા વરતે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં વંદન હો અગણિત."

શ્રી પરમાર્થી સાખી ગાય છે–

આદનામ નિજ ખૂબ હૈ, બાકી કે સબ ડાર,
નિજ નામ જાન બિના, બૂડી મૂઆ સંસાર.

અર્થનું ઘટન કરતાં તેઓશ્રી જણાવે છે કે, પૂ. મામાં જે કૃષ્ણતત્ત્વ રહેલું છે તેથી સર્વ તે પ્રતિ આકર્ષાય છે. શ્રીકૃષ્ણ ભગવાનના શબ્દોને યાદ કરાવતાં તેઓ જણાવે છે કે, "જે તત્ત્વથી મને જાણે છે તે જ મને પામે છે."–આ સંસારમાં સૌ ડાળીઓ જ પકડે છે, જે મૂળ છે, જે તત્ત્વ છે, પરમાત્માસ્વરૂપ તેને કોઈ પકડતું નથી. માટે આધ્યાત્મિક વિકાસ થતો નથી. પૂ. મા વિભૂતિ છે. પરમાત્માના પરમતત્ત્વનું પ્રતીક છે, માટે જ પૂ. મા સૌનાં વંદનીય છે. પૂજાપાત્ર છે.

આજે બપોરની બેઠક શ્રી સુભાષભાઈને ઘેર, (સ્વ. મીનાક્ષીબેનના ઘેર) યોજાય છે. સૌને મીનાક્ષીબેનની સુખદ સ્મૃતિઓ યાદ આવે છે. સૌનાં હૈયા ભરાઈ જાય છે. મનના ભાવ ચહેરા

ઉપર અને આંખોમાં ઊભરાય છે. "પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવન પંથ ઉજાળ," ભજનથી બેઠક શરૂ થાય છે.

મનથી મજબૂત થયેલા સુભાષભાઇ, આજે મૃત્યુને બરાબર બે મહિના થયા તેમ જણાવી કહે છે કે, પૂ. મા, સંસારને ભૂલાવીને સત્સંગમાં લઇ જાય છે, તે પ્રત્યક્ષ દેવી છે, તેમને ઓળખી લેજો, જે તેને ભજે છે તેના સઘળાં કષ્ટ કપાય છે. શબ્દો સાંભળતાં થાય છે કે, "મૃત્યુ મરી ગયું રે લોલ." પૂ. માએ મિનાક્ષીબેનની માંદગીથી, મૃત્યુની અંતિમ ક્ષણ સુધી સૌને અદૃશ્ય હિંમત આપી છે તેનો પણ તેઓ ઉલ્લેખ કરે છે.

શ્રી પરમાર્થી મૃત્યુની અનિવાર્યતાને સમજાવે છે અને જણાવે છે કે મિનાક્ષીની અંતિમપળોમાં પૂ. માનું સાન્નિધ્ય હતું તે માટે તે જીવ સદ્ભાગી ગણાય. અલ્પાહાર લઇ સૌ વિદાય લે છે.

રાત્રિબેઠક, પૂ. મા આવતીકાલે વિદાય લેવાનાં હોઇ આભાર-દર્શનની અને વિદાયની, વિયોગની મિશ્રલાગણીવાળી બને છે.

શોનીથી આવેલા યુવાન સાધકનું પૂ. માના માત્ર ૭૨ કલાક-ના સાન્નિધ્યથી જીવનપરિવર્તન થાય છે. સાધક પોતે આચાર-વિચારમાં પવિત્રતા ગ્રહણ કરવાનું સ્વેચ્છાએ સ્વીકારે છે. પૂ. મા આશીર્વાદપત્ર આપે છે અને નાના બાળકો માટે આગ્રહ કરી ભેટ આપે છે. જીવના ઉદ્ધાર માટેની પૂ. માની સંવેદનશીલતા, સહન-શક્તિ અને ધીરજને વંદન કરવાનું મન થાય છે.

શ્રી પરમાર્થી સાખી ગાય છે–

"કુંભે બાંધ્યા જલ રહે, જલબીન કુંભ ન હોય,
જ્ઞાને બાંધ્યા મન રહે, મન બીન જ્ઞાન ન હોય."



શ્રી પરમાર્થી જણાવે છે કે, જીવનમાં સત્ત્વગુણ ઓછો ટકે છે, રજ અને તમ ગુણો વધારે ટકે છે. ગીતા, મહાભારત, રામા-યણ જેવા ગ્રંથોનું નિયમિત વાંચન કરવાનો તેઓ આગ્રહ રાખે છે, કારણ આ ગ્રંથો આધ્યાત્મિકતાની આરસી જેવા છે. કાચીંડો રંગ બદલે તેમ મન પણ ક્ષણે ક્ષણે રંગ બદલે છે. ઇચ્છા, વાસના અને વિષયો મનના રંગો છે.

જ્ઞાનમાર્ગની સાત ભૂમિકાનું તેઓ પૃથક્કરણ કરે છે અને જણાવે છે કે મન પાતળું થતાં ઇચ્છાઓ ઓછી થાય છે, પરિણામે મનની સ્થિરતા વધે છે. પ્રભુતા પાંગરે ત્યારે આત્મદર્શી થવાય છે.

વંદન પ્રભુના શ્રી ચરણોમાં, પ્રણામ પૂ. માને કે જેની કૃપાથી આ લેખન કાર્ય થયું.

'વંદન કરું પ્રભુ ચરણોમાં આજે'–પ્રાર્થના કરી સૌ વિદાય લે છે.

પૂ. મા પણ પ્રભુના સ્વરૂપને પ્રણામ કરી, સૌના સ્નેહભર્યા નમસ્કાર સ્વીકારી પ્રસ્થાન કરે છે. રાત્રે–૧૧–૪૫ વાગે સભા સમાપ્ત થાય છે.

**તા. ૪ મે–૧૯૯૭, રવિવાર, મેમ્ફીસ.**

**પરમની સંગાથે યાત્રાનો અંતિમ દિન.**

તા. ૨૦–૪–૯૭ થી આરંભ કરેલી મંગલયાત્રાનો આજે છેલ્લો દિવસ છે. સ્વચ્છ આકાશ, પૂર્વમાં સૂર્યદેવતાના દર્શન, પવનમંડિત ખુશનુમા વાતાવરણથી ભરેલા પ્રાતઃકાળની સુમંગલ ઘડીએ પૂ. માના દર્શનનો લાભ સૌને મળે છે. સફેદ વસ્ત્રમાં, ખીલેલાં પુષ્પોની પમરાટ પામતાં પૂ. મા સૌને પ્રણામ કરે છે. વિદાયનો વિષાદ વર્તાય છે. પૂ. માને પણ સાધકોનું સાન્નિધ્ય ગમે છે. પ્રસન્ન જણાતાં પૂ. મા ખિન્નતા અનુભવે છે. આજે પણ

મંત્રજાપ ચાલુ જ છે. અંતરના અંતરતમમાં આરાધેલા દેવની સાથે ઓતપ્રોત થયેલાં પૂ. માને નિહાળવા માટે પણ સદ્‌ભાગ્ય જોઈએ તેવું સતત લાગ્યાં કરે છે, અનુભવાય છે!

પ્રાતઃકાળે ૬–૪૫ વાગે પૂ. મા પ્રાર્થનાખંડમાં પધારે છે. એક કલાક સૌને દર્શનનો અને અમૃતમય કૃપાદૃષ્ટિનો લાભ મળે છે.

યજમાન શ્રીમતી ગુલાબબેન પૂ. મા માટે અનેરો પૂજ્યભાવ ધરાવે છે અને હૈયાનું હેત, આંખમાં અશ્રુ બની સૌનાં હૈયાંઓને ભીંજવી જાય છે. મનમાં થાય છે કે પૂ. મા રણમાં મીઠી વીરડી જેવાં છે.

પૂ. માનું, તિલક અને પુષ્પમાળાથી અભિવાદન પરિવારના સભ્યો કરે છે. વ્યક્તિગત વંદન પણ પુષ્પ આપી સૌ સાધકો કરે છે. સૌ સાધકોનું તિલક અને પુષ્પથી યજમાન પરિવાર સન્માન કરે છે. પરિવારની આતિથ્ય ભાવના અને ઔદાર્યનો સૌ અનુભવ કરે છે.

હિમાલયના પત્રોમાંથી પત્ર ૧૦૪ માંથી "પવિત્ર" શબ્દનું અર્થઘટન થાય છે. "જય જય જય ગુરુદેવની શક્તિ, વંદુ પુનિત પ્રભાતે, અને "પ્રેમપોકારો" પૂ. શ્રીની આરતી સૌ ગાય છે, અને "યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના" સૌ ગાય છે. શ્રીમતી ગુલાબબેન "શત શત વંદન માડી તમોને, સદાયે કરાજો ઉરથી અમારા"– પ્રેમગીત ગાય છે. સૌ મહેમાનોનો આભાર માને છે અને પૂ. માનો સવિશેષ આભાર માને છે અને પોતાની આગવી રીતે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. સૌને પ્રસાદમાં ફળ પૂ. મા પાસેથી મળે છે.

શોનીથી પધારેલાં શ્રી શારદાબેન સૌની માના શ્રી ચરણોમાં પ્રીતિ વધે તેવી પ્રાર્થના કરે છે. શોનીથી આવેલા યુવાન સાધક



પોતાને પૂ. માના પ્રથમ દર્શને થયેલા જીવનપરિવર્તન માટે સદ્‌ભાગી ગણે છે.

શ્રી પરમાર્થી, પૂ. શ્રી સાથે અને પૂ. મા સાથે ૧૯૮૩ માં કરેલી ગંગોત્રી યાત્રાના સુખદ સંસ્મરણને સંકોરતા સૌને જણાવે છે કે પૂ. શ્રીની મોટર ચલાવતો ડ્રાયવર જીવનમાં ઘણી બદીઓથી ખરડાએલો હતો, પૂ. શ્રીને તેની જાણ થતાં, ગંગાના પવિત્ર જળની અંજલિ આપતાં તેઓએ જણાવ્યું કે, "આજથી બધી અશુદ્ધિઓનો અંત આવે છે," પોતાના સંકલ્પમાત્રથી ડ્રાયવરનું જીવન સુધારનાર પૂ. યોગેશ્વરજીને તેઓ પ્રણામ કરે છે અને સમર્થ મહાપુરુષની સમર્થતાનાં સૌને દર્શન કરાવે છે.

સૌને પ્રણામ કરી, સૌના પ્રણામ સ્વીકારતાં પૂ. મા ૭–૪૫ વાગે મોટરમાં સ્થાન લે છે. યજમાનને ઘેરથી એરપોર્ટ ઉપરથી વિદાય આપવા આવવાની સૌને જરૂર નથી તેવી પૂ. માની જાહેરાત છતાં સૌ પોતાના ભાવોને આધીન, દર્શનની એક પલ પણ નહીં ચૂકવાના નિર્ધારથી એરપોર્ટ પર આવે છે. લગભગ ત્રીસ મિનિટના મોટરમાર્ગે પૂ. માની મોટરને ચાર મોટરો અનુસરે છે.

રાજકીય નેતાઓ કે આધ્યાત્મિક ધર્મગુરુઓની આગળ તેમના રક્ષણ માટે પાયલોટ જોવામાં આવે છે. જ્યારે અહીં આધ્યાત્મિક જગતની દેવી પૂ. મા સૌને રક્ષવા પાયલોટ બની મોખરે રહે છે જાણે કે શરણે આવેલા જીવોનું રક્ષણ કરે છે. ધન્ય છે પૂ. માની શક્તિને.

એરપોર્ટ ઉપર પણ બાંકડા ઉપર બેસી પૂ. મા સૌને હસાવી હળવા કરે છે. બોર્ડીંગ પાસ મેળવી પ્લેનમાં બેસતાં પહેલાં સૌને

વંદન કરે છે. શ્રીમતી ગુલાબબેન પૂ. મા સાથે છે. આકાશમાં ઊડતા વિમાનનાં દર્શન કરી સૌ વિદાય લે છે.

પરમની સંગાથે કરેલી યાત્રાની આ ક્ષણે મનમાં થાય છે કે–

હે મા,

* તારી ભક્તિ અમારી પ્રેરણા બનો.
* તારી શક્તિ અમારી સહાયતા બનો.
* તારી શ્રદ્ધા અમારી દીવાદાંડી બનો.
* તારી સર્વસમર્પણ ભાવના અમારી દ્યોતક બનો.
* તારી આધ્યાત્મિકતા અમારી પગદંડી બનો.
* તારી અનુભૂતિઓ અમારું માર્ગદર્શન બનો.
* તારું દર્શન અમારી મહામૂડી બનો.
* તારી આધ્યાત્મિકતાના અમૃતનો આસ્વાદ કરીએ એવા અધર આપજો અંતમાં ઉરગાન થાય છે.

જગજનની મા સર્વેશ્વરી,
યોગેશ્વરની યોગેશ્વરી,
ચરણો માંહી કરી પ્રણામ,
ધન્ય બનીએ અમે તમામ.

દુર્ગમ સીધાં ચઢાણ ચઢીને, ગુરુકૃપાને પામીને, વ્રત, તપ-માંથી નહીં ચળનાર પૂ. માનાં શ્રી ચરણોમાં કોટિ વંદન.

પરમતત્ત્વની પરમતાને પામવા, પ્રભુ પ્રેરણા થાઓ તે જ પ્રાર્થના.

"યોગેશ્વર પ્રભુ શત પ્રણામ હો, મા સર્વેશ્વરી શત વંદન હો."

(સંપૂર્ણ)



# નસીબની બેધારી રમત

સ્વામી કૃષ્ણાનંદ

આ જીવન–બજારમાં આપણા જીવનની ઘણીખરી ઘટનાઓ અફરપણે પૂર્વનિશ્ચિત થઇ ગયેલી જ હોય છે. તેમની પકડમાંથી કોઇ છટકી શકતું નથી. નસીબ જે કરે તે માથા પર–એ સત્ય આપણું રોજબરોજનું જીવન પુરવાર કરે છે. આ વિધાનને સત્ય ઠેરવતી એ ઘટના આ રહી.

એક વખત હું એક પ્રભુજી નામના શેઠને ત્યાં મહેમાન બન્યો હતો. કલકત્તાના એ એક આગળ પડતા વેપારી હતા. એક સાંજે હું તેમની સાથે મોટરમાં બહાર ફરવા નીકળ્યો. પાછા આવતાં અમારી મોટર બગડી. ઘેર જવા માટે અમારે એક ભાડાની મોટર જોઇતી હતી. રસ્તામાં રખડતા એક છોકરાએ અમારી મોટર માટેની બૂમ સાંભળી તે ટેક્સી–સ્ટેન્ડ તરફ દોડયો અને અમારે માટે એક મોટર લઇ આવ્યો. શેઠે છોકરાને થોડાક પૈસા બક્ષીસ આપ્યા અને અમે ઘેર ગયા.

થોડા દિવસ પછી અમે ફરી વાર ફરવા નીકળ્યા ત્યારે તે જ છોકરાને જોયો. તે ફૂટપાથ પર પડેલા એક માંદા ભિખારીની સેવા ચાકરી કરી રહ્યો હતો. શેઠે તે છોકરાને ઓળખ્યો અને પૂછ્યું : "આ ગરીબ માંદો ભિખારી તારો શો સગો થાય?" ચીંથરેહાલ તે છોકરાએ જવાબ આપ્યો, "હું આ ઘરડા માણસને બિલકુલ ઓળખતો નથી. કોઇ એની દરકાર કરનાર નથી. તે માંદો અને દુઃખી હોવાથી હું મારાથી બનતી સારવાર કરી રહ્યો છું." અમને તે ભિખારીની તે વખતની સ્થિતિ જોતાં લાગ્યું કે વધુ વખત નહીં

જીવે. મારા મિત્રે તે છોકરાને ત્રણ રૂપિયા આપ્યા અને કહ્યું, "આ ઘરડા માણસને કંઈક ખાવાપીવાનું તું લાવી આપજે." .

થોડા દિવસ પછી અમે ફરીને ઘેર પાછા જતા હતા ત્યારે તે જ છોકરો દોડતો દોડતો અમારી પાસે આવ્યો. તેણે કહ્યું, "તે ઘરડો માણસ મરી ગયો. શહેર સુધરાઈએ તેના શબને અગ્નિ–સંસ્કાર કર્યો." પછી તેણે મારા મિત્ર શેઠના હાથમાં સવા રૂપિયો આપતાં કહ્યું, "તમે ત્રણ રૂપિયા આપ્યા હતા તેમાંથી આટલા વધ્યા છે. બાકીના મેં તે ઘરડા માણસને ખાવાપીવાનું લાવી આપવામાં ખર્ચ્યા હતા." મારા યજમાનને તે છોકરા માટે સારો અભિપ્રાય બંધાયો. એમણે તેને અંગત સવાલો પૂછ્યા. છોકરાએ જવાબ વાળ્યો, "હું ચમાર કુટુંબનો છું. મારા પિતા હાવરા સ્ટેશને રેલ્વે–પોર્ટર તરીકે કામ કરતા હતા. મારી માતાના કોઈ પ્રેમીએ તેમનું ખૂન કર્યું હતું. ત્યાર પછી મારી માતા કોઈ ત્રીજા જ શખ્સ સાથે ભાગી ગઈ છે. હું રસ્તે રઝળતો થઈ ગયો છું. તે દિવસથી હું કોઈનું કંઈ કામકાજ કરી, ફેરોફાંટો ખાઈ મારું ગુજરાન ચલાવું છું.

શેઠજીએ પૂછ્યું, "તને અમારી સાથે રહેવું ગમશે? છોકરો મૌન રહ્યો પણ તેની મુખમુદ્રા તેની સંમતિ સૂચવતી હતી. અમે તેને ઘેર લઈ આવ્યા. શેઠજીએ પોતાના ડ્રાયવરને તે છોકરાના વાળ કપાવવાની, સારી રીતે સ્નાન કરાવવાની અને તેને માટે સારાં કપડાં ખરીદી લાવવાની આજ્ઞા કરી.

જ્યારે પરવારીને, સારાં કપડાં પહેરીને તે છોકરો અમારી પાસે આવ્યો ત્યારે અમે જોયું કે, અમારી સામે એક સુંદર આકૃતિવાળો આકર્ષક છોકરો ઊભો છે. તેના વાળ કાળા અને



વાંકડિયા હતા. તેનું કપાળ વિશાળ હતું. તેની આંખો ગોળ, મોટી અને તેજસ્વી હતી. કપાળથી નીચે ઉતરતું તેનું નાક ગ્રીક સ્થાપત્યનો નમૂનો હતું. તેના નસ્કોરાં પહોળાં હતાં. તેની દાઢી સુડોળ અને ઘાટીલી હતી. તેનાં જડબાંનો ઢોળાવ આકર્ષક હતો. તેના ગાલ પર ત્રણ ખાડા પડતા હતા. તેનું મુખ ગોળાકાર હતું. તેનું મોં અને હોઠ ઘાટિલા અને બીડાયેલા હતા. તેના સામુદ્રિક લક્ષણો કહી આપતાં હતાં કે તે સુંદર જીવન–ઘાટી અપનાવનારો, ખંતીલો અને પ્રેમાળ સ્વભાવવાળો થશે. જીવનના કોઈ પણ ક્ષેત્રમાં તે આગળ આવી વિજય મેળવશે.

શેઠજી તેનો હાથ પકડીને તેને રસોડામાં લઈ ગયા. ત્યાં તેમનાં માતા અને પત્ની હતાં. તેનો પરિચય તેમને કરાવતાં તે બોલ્યા, 'આ તમારી સામે ભગવાનનો એક બાળક ઊભો છે. આપણે તેના માતાપિતા અને જાતિ સંબંધી કડાકૂટ કરવાની જરૂર નથી. તેની કુમળી વય અને તેના અત્યારના સંજોગો માંગી લે છે કે આપણે તેની પ્રેમભરી સંભાળ લેવી અને તેને મદદ કરવી. મારો અંતરાત્મા કહે છે કે આપણે તેને આપણા એકના એક દીકરા પ્રમોદનો સાથીદાર બનાવવો અને તેને ઊછેરી મોટો કરવો. આજથી આપણે તેનું નામ પવિત્રકુમાર રાખીશું. હું ધારું છું કે તમે બંને મારા આ નિર્ણયને વધાવી લેશો."

શેઠજીનાં માતાએ પ્રથમ પોતાનું હૃદય ખોલ્યું. "તારા આ કૃત્ય માટે મને બહુ ખુશાલી ઊપજે છે. પણ આ જ રીતે તારા મર્હુમ સગા ભાઈનાં બે છોકરાંને તું સહાનુભૂતિપૂર્વક કેમ નથી ઊછેરતો—મદદ કરતો? તેમની માતા નોકરડી તરીકે કામ કરે છે. તેને મહિને માત્ર ૮૦ રૂપિયાનો પગાર મળે છે. તે છોકરાંની સ્થિતિ કેટલી દયાજનક હશે તે તું કલ્પી શકે એમ છે. તારા મર્હુમ

ભાઈ સાથે તારે ગમે તેટલા મતભેદ થયા હોય પણ તારે તારાં ભાભીની અને તેમનાં બે છોકરાંની તો દયા લાવવી જોઈએ. ભલે તું તેમની સાથેનું સગપણ ભૂલી જાય પણ તેમનેય તું 'પ્રભુનાં બાળક' કેમ નથી માનતો? આ અજાણ્યા છોકરા માટે તને જેટલું વહાલ ઉપજે છે અને તેની તું જેટલી દરકાર લેવાનો પ્રસ્તાવ રજૂ કરે છે તેટલાં વહાલ અને દરકાર તું તેમના તરફ કેમ બતાવતો નથી? આ ટૂંકા અને અનિશ્ચિત જીવનમાં આપણે કોઈ તરફ વેરવૃત્તિ રાખવી તે સારું ન કહેવાય. જ્યાં સુધી તું તારા લોહીનાં સગાં પ્રત્યે બેદરકારી અને ઉદાસીનતા સેવે છે ત્યાંસુધી તું આ જે સત્કૃત્ય કરી રહ્યો છે અને હજુ ભવિષ્યમાં કરશે તેથી પ્રભુ રાજી નહીં થાય. બેટા, તેથી હું તને તારાં ભાભી અને તે બે અનાથ બાળકો પ્રત્યે પ્રેમ અને દરકાર લેવાનું કહું છું. તે તેના અધિકારી છે. ભલે તું તેમને તારી સાથે તારા ઘરમાં આશ્રય ન આપે, પણ તેમને જીવનનિર્વાહપૂરતી આર્થિક મદદ તો તારે કરવી જ જોઈએ."

શેઠજીનાં પત્નીએ પણ તે જ મુજબનું કથન કર્યું. તે પણ તેમની સાસુની વહેલમાં બેસી ગયાં.

શેઠજીએ જવાબ વાળ્યો, "તમે બંને મને બરાબર સમજ્યાં નથી. મેં તેમને સીધી કે આડકતરી રીતે જે જે મદદ આપવા કોશીશ કરી છે તે મારાં ભાભીએ નકારી કાઢી છે. મને તેમને માટે કેટલી બધી લાગણી છે તે હું તમને સમજાવી શકતો નથી. પણ તેઓ મારી પાસેથી કે બીજા કોઈ પાસેથી મદદ લેવા તૈયાર નથી. તેમને કેવી રીતે બળજબરીથી કે સમજાવટથી મદદ કરી શકાય? જ્યારે તેમનાં પ્રારબ્ધમાં પોતાનાં પૂર્વજન્મનાં કર્મોનાં પરિણામરૂપે ભોગવવાનું જ લખેલું છે, ત્યારે લોકો મોટે ભાગે સાહજિક રીતે આવી મળતી મદદને ઠોકર મારે છે. કુદરતની



વ્યવસ્થિત યોજના લોકશાહીની ઢબે કામ કરી રહી હોય છે. તેમાં બળજબરીથી કોઈ કાંઈ પણ વસ્તુ બીજા ઉપર લાદી શકતું નથી. આ એક અપરિહાર્ય સત્ય છે. છતાં પણ અવારનવાર હું તેમને મદદ કરવાની કોશીશ કરતો જ રહું છું. આ બાબતમાં તમે મારે માટે શંકાકુશંકાઓ ન કરશો, એવું મારું કહેવું છે."

તે દિવસથી શેઠજીના કુટુંબના બધા માણસો પવિત્રકુમાર માટે પ્રેમની લાગણી રાખવા લાગ્યા. રસ્તામાંથી જડેલો કોઈ બાળક હોય તે રીતે નહીં, પણ કુટુંબનો જ એક સ્વજન હોય તેવો વર્તાવ તેની સાથે થવા લાગ્યો. તે છોકરાને ઘરમાં પરાયું ન લાગે તે બાબતની શેઠજી પોતે ખાસ કાળજી રાખતા. પરિસ્થિતિમાં પરિવર્તન થતાં, તે છોકરામાં જે સુમ–સુસંસ્કારો હતા તે બહાર પ્રગટી આવ્યા. તેથી બધાં જ તેના પર વિશેષ વહાલ કરવા લાગ્યાં.

શેઠજીએ બંને છોકરાઓને ભણાવવા પ્રાથમિક શાળાના એક શિક્ષકને રોક્યો. પ્રમોદ અને પવિત્રકુમાર સરખી ઉમ્મરના હતા. બંનેએ પોતાના અભ્યાસ પાછળ મહેનત કરવા માંડી. થોડાંક વર્ષો બાદ ઇ. સ. ૧૯૪૯ માં બંનેને માધ્યમિક શાળામાં દાખલ કરવામાં આવ્યા. તે શાળાનું શિક્ષણ–ધોરણ ઊંચા પ્રકારનું હતું. તેના શિક્ષકો ભણાવવામાં ધગશવાળા અને સેવાભાવી હતા. તેઓ વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક અને નૈતિક વિકાસ પર ચાંપતી નજર રાખતા.

અત્યંત લલિત અને સમૃદ્ધ છતાં મૃતઃ પ્રાય મનાતી અને ઉપેક્ષિત થતી સંસ્કૃત ભાષા પ્રત્યે શેઠજીના સ્વાભાવિક પ્રેમે તેમને તે બંનેને જાતે સંસ્કૃતનું જ્ઞાન આપવા પ્રેર્યાં. પવિત્રકુમારને સંસ્કૃત ભાષા આપોઆપ હસ્તગત થવા લાગી, જ્યારે પ્રમોદને ઘણી મહેનત કરવા છતાં જોઈતી સફળતા ન મળી. વખત જતાં હાઈ-

સ્કૂલની છેલ્લી પરીક્ષામાં બંને પાસ થયા. પ્રમોદને બધા સામાન્ય વિષયોમાં રસ હતો એટલે તે આર્ટ્સ કોલેજમાં જોડાયો. પવિત્ર-કુમારને વાણિજ્યમાં વધુ રસ હોવાથી તે વાણિજ્યની કોલેજમાં જોડાયો. સમય જતાં બને કોલેજની પરીક્ષામાં તેજસ્વી કારકીર્દિ સાથે ઉત્તીર્ણ થયા.

સ્નાતક થયા પછી શેઠજીનો પુત્ર પ્રમોદ તદ્દન બદલાઇ ગયો. તેના પિતાની શ્રીમંતાઇને લીધે તેમના ઘરમાં ભોગવિલાસનાં અનેક સાધનો હતાં પણ પ્રમોદ તેમના પ્રત્યે ઉદાસીન રહેવા લાગ્યો. તેના માતાપિતાની ઇચ્છા વિરુદ્ધ જઇને તેણે અંજનાદેવી નામની એક બહેરી–મૂંગી છોકરી સાથે લગ્ન કર્યું. પછી તે માબાપથી તદ્દન છૂટો પડી ગયો અને એક ગામડામાં રહેવા ચાલ્યો ગયો. ત્યાં તેણે શિક્ષક તરીકેનું કામ કરવાનું સ્વીકાર્યું. પોતાનું મનોગત સ્પષ્ટ કરતાં તેણે પિતાજીને કહ્યું, "મુરબ્બી પિતાજી! લોહીથી અને જન્મથી હું તમારી સાથે સંબંધ ધરાવું છું, તે હું મારું સદ્‌ભાગ્ય સમજું છુ. તમે અને મારાં માતુશ્રીએ મારે માટે જે કાળજી અને પ્રેમ રાખ્યાં છે તે માટે હું બહુ જ આભારી છું. હું અંજના સાથે પ્રેમલગ્નથી જોડાયો તેથી તમારી બંનેની લાગણી ખૂબદુભાઇ હશે તે હું સમજી શકું છું. પણ મેં તે સમજપૂર્વક કર્યું છે. બીજાં પરિણિત દંપતિની પેઠે અમે પણ સુખી જીવન ગાળી રહ્યાં છીએ એમ મને લાગે છે. અનેક જન્મોમાં પણ હું તમારા ઉપકારનો બદલો વાળી શકું તેમ નથી. મારે હવે તમારી પૂંજીનો ભાગ લઇને વધારે ઋણ નીચે આવવું નથી. તમે મને પૂરતી કેળવણી આપી છે. હવે મારું જીવન ટકશે ત્યાંસુધી મારા પગ પર હું ઊભો રહી શકું તેમ છું. મારાં આ પગલાંથી તમારા માટેનો મારો પ્રેમ ઓસરી ગયો છે એવી ગેરસમજ કૃપા કરીને કરશો નહિ."



દલીલ કરતાં શેઠ પ્રભુજીએ કહ્યું : "દીકરા, સાંભળ. આ ક્ષણ-ભંગુર જીવન પ્રત્યે તારી જે તટસ્થ વૃત્તિ છે તે પ્રશસ્ય છે. અંજના-ને તું પરણ્યો તેથી મને કે તારી બાને ખોટું લાગ્યું છે તેમ તું માનીશ નહિ. પણ મારી ઇચ્છા એટલી જ છે કે કુદરતે જે સંપત્તિ બક્ષી છે તેનો સદુપયોગ થવો જોઇએ. મારી યોજના એવી છે કે આપણે એક બહુ ઉચ્ચ આદર્શોવાળી શાળા ખોલીએ. તેમાં અનાથ, ગરીબ બાળકોને રાખીને ભણાવીએ, જેથી તેમનું ભાગ્ય સુધરે. તું નિઃસ્વાર્થી અને સેવાભાવી છે તો તું તેમાં મદદગાર બન. તારે નોકરી કરવાની જરૂર નથી, છતાં તને ગામડાનું સાદું જીવન ગમે છે તેથી તેં ત્યાં શિક્ષકનું કામ પસંદ કર્યું છે. મારું માનવું છે કે જે શાળા ખોલવાની મારી યોજના છે, તેના સંચાલક તરીકે રહીને તું લોકોની વધારે સેવા કરી શકીશ. આ બાબત પર તું મારું દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખીને ફરી વિચાર કરી જો."

પ્રમોદ પોતાના નિર્ણયમાંથી તલભાર ડગ્યો નહિ. તેણે કહ્યું, "મુરબ્બી પિતાજી! ઉંમરમાં હજી હું નાનો છું. મારે આ ઉંમરમાં સર્વ પ્રથમ માનસિક વિકાસ અને હૃદયની પવિત્રતા પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેવું જોઇએ તેમ મને લાગે છે. જે પીઢ લોકો બીજાઓ સાથે ભળવા છતાં અંતરથી અલગ રહી શકે છે, તેવા લોકોને માથે જ સંસ્થાઓ ચલાવવાની જવાબદારી અને સમાજ-સેવા શોભે તેવા લોકો અનાસક્ત રહી બીજાઓનું કલ્યાણ સાધી શકશે. એટલે મારી વિનંતી છે તમે મને મારી રીતે જીવન જીવવા રજા આપો."

પ્રમોદના વિચારો બદલવામાં શેઠજી નિષ્ફળ નીવડયા. તેથી તે નિરાશ થયા. પ્રમોદને તેણે પસંદ કરેલા માર્ગે જવા દેવામાં આવ્યો. માનવીમાં વસ્તુઓ અને દ્રવ્ય એકઠું કરવાની વૃત્તિ બહુ

ઊંડી રહેલી છે. કેટલાક તો બહારની વ્યક્તિઓની મિલકત લેવા માટે અને વારસો મેલવવા માટે છળકપટનો પણ આશ્રય લેતા હોય છે. આ કિસ્સામાં તો યુવાન પ્રમોદે પોતાની પૈતૃક સંપત્તિને પણ લાત મારી તે અસાધારણ વસ્તુ ગણાય.

હવે આપણે પવિત્રકુમાર તરફ વળીએ. શેઠજીએ તેને દત્તક પુત્ર તરીકે સ્વીકાર્યો હતો. કેટલાકને જાદુ હોય તેવી રીતે "બારણું ઊઘાડ" કહેતામાં લક્ષ્મી તેમના પગમાં આવીને પડે છે. લોકો જાણતા હતા કે પવિત્રકુમાર જાતિએ ચમાર હતો અને તેને શેઠજીના ઘરમાં બ્રાહ્મણના સંસ્કારો આપી ઉછેરવામાં આવ્યો હતો. તેને પરણનાર છોકરીના પગમાં લક્ષ્મી આળોટશે અને તે સુખી થશે તેવી માન્યતાથી, જૂનવાણી વિચારના લોકો પણ તેને પોતાની પુત્રી પરણાવવા શેઠના ઘરનો ઊંબરો ઘસી નાંખવા લાગ્યા. શેઠ પ્રભુજીએ પવિત્રકુમાર માટે સાવિત્રીદેવી નામની એક સંસ્કારી છોકરી પસંદ કરી.

માનસિક, નૈતિક અને બૌદ્ધિક વિકાસ ઉપર આધાર રાખતા માનવગૌરવે અર્થહીન જ્ઞાતિવાદ ઉપર જ્વલંત વિજય મેળવ્યો. પવિત્રકુમાર તથા સાવિત્રીદેવી લગ્નગ્રંથિથી જોડાયાં. બંગાળના અને મદ્રાસના માનનીય રાજ્યપાલોએ પણ તે લગ્નમાં હાજર રહી નવદંપતીને આશીર્વાદ આપ્યા.

પછી પવિત્રકુમાર અને તેના પત્નીએ શેઠજીને વેપારમાં મદદ કરવા માંડી. પોતાના મધુર સ્વભાવના પતિના માર્ગદર્શન નીચે સાવિત્રીદેવી વેપારની આંટીઘૂંટીઓને સમજી ગઇ. બંને જણને તેમાં સાચો રસ હતો. તેથી શેઠ પ્રભુજીના વેપારનો વિકાસ સાધવામાં તે બંને બહુ મદદગાલ નીવડયાં. ઇ. સ. ૧૯૬૬ માં



શેઠજી ગુજરી ગયા, ત્યારથી એમનાં માતા અને પત્ની વૃન્દાવનમાં રહીને ધર્મમય જીવન ગાળે છે. અવારનવાર પવિત્રકુમાર પોતાની પાલકમાતા અને મોટીબાની મુલાકાતે જાય છે. પોતાનાં કાકીને સમજાવીને તેણે નોકરડીનું કામ છોડાવી દીધું છે. હવે તે તેની સાથે જ રહે છે. તેનાં બાળકો હવે મોટાં થયાં છે અને પવિત્રકુમારની પેઢીઓમાં ભાગીદાર બન્યાં છે. બધું કામકાજ પવિત્રકુમાર સંભાળે છે. તેનાં દ્વાર પ્રમોદ અને તેની પત્ની અંજનાદેવી માટે ખુલ્લાં જ છે.

શેઠ પ્રભુજી અને પવિત્રકુમાર, શેઠ પ્રભુજી અને પ્રમોદ, પ્રમોદ અને અંજનાદેવી–પેલી બહેરીમૂંગી છોકરી–આ બધાના પૂર્વજન્મના સંબંધો અંગે સૂર્યસંહિતા નામના પ્રાચીન જ્યોતિષ ગ્રંથમાંથી નીચેની રસપ્રદ વિગતો મળી આવી છે.

પૂર્વજન્મમાં પવિત્રકુમાર એક વિદ્વાન બ્રાહ્મણ બ્રહ્મચારી હતો. તે રાજકુમારોને શીખવાડવા બે રાજ્યોમાં શિક્ષક તરીકે રહ્યો હતો. તેમને તે પરદેશ ભણવા જવા માટે તૈયાર કરતો હતો. તેણે પોતાની આવક શેઠ પ્રભુજીના ધંધામાં રોકવા માંડી. પહેલાનાં જન્મમાં તે શેઠ અનાજના મોટા વેપારી હતા. તે અકાળે મરી ગયો અને તેના બે લાખ રૂપિયા શેઠ પ્રભુજી પાસે રહી ગયા. તેને કોઇ સગુંવહાલું ન હોવાથી તેની મિલકત શેઠ પાસે જ રહી. આ જન્મમાં તે શેઠ પ્રભુજી પાસેથી પોતાની થાપણ વસુલ કરવા તેમના દત્તક પુત્ર તરીકે આવ્યો. આ જન્મમાં તેનો સામાજિક દરજ્જો એકદમ કેમ ઉન્નત બન્યો અને તેને વગર મહેનતે લક્ષ્મી કેમ પ્રાપ્ત થઇ તે આ પૂર્વજન્મના તેમના પરસ્પરના ઋણાનુબંધથી સમજાય છે. તે ચમારના ઘરમાં જન્મ્યો અને સાવિત્રીદેવીને પરણ્યો તેની પાછળ પણ આવાં જ કારણો પડેલાં

છે. આપણી કથાને તેમની સાથે કોઈ સંબંધ ન હોવાથી મેં તે અહીં વર્ણવ્યાં નથી.

પ્રમોદ પૂર્વજન્મમાં એક સારી સ્થિતિનો ગામડાનો ખેડૂત હતો. તે શેઠ પ્રભુજી સાથે વેપારી સંબંધો રાખતો. તેમાં શેઠજીએ તેને ઠગ્યો હતો. પરિણામે આ જન્મમાં તે તેમને ત્યાં પુત્ર તરીકે જન્મ્યો અને પોતાનું લેણું વસુલ કર્યું. તે પૂરું થયું એટલે તે શેઠજીનું ઘર છોડી ચાલ્યો ગયો. ગયા જન્મમાં અંજનાદેવી સાથે થયેલો તેનો વિવાહ તેણે તોડી નાંખ્યો હતો. તે અન્યાયી કૃત્યનું ઋણ તેને આ જન્મમાં અંજનાદેવીને પરણીને ચૂકવવું પડયું. છેલ્લી ક્ષણે પ્રમોદે ના પાડી હોવાથી અંજનાને પરણવા કોઈ તૈયાર થયું નહિ. તે કુંવારી જ રહી. તે પોતાના બેવફા વરને હમેશાં શાપ દેતી રહી. તેને પ્રમોદ અને તેની પત્નીની નિંદા કરવામાં અને સાંભળવામાં બહુ રસ પડતો. આમ જીભનો અને કાનનો દુરુપયોગ કર્યો હોવાથી તેની શિક્ષારૂપે તે આ જન્મમાં બહેરી અને મૂંકી બની હતી.

ઊંડા ઉતરીને તપાસતાં, નસીબની આ બેધારી રમતનો ઉકેલ આપણને આ રીતે મળે છે.



## * અહીં ! *

કેટકેટલો ભવનો લઈને ભાર
અહીં જીવવાનું !
ભીતર જ્વાલામુખી ધખે પણ
ઉપરથી હસવાનું ! કેટકેટલો૦

સંકુલ સ્મૃતિઓની ગલીઓ શી !
ભ્રમણામાં ભમવાનું !
ઈન્દ્રજાળને મધલાળે ક્યાં
સુધી અહીં ધખવાનું ? કેટકેટલો૦

ઈશ્વર પણ જો જન્મ ધરે તો–
મૃગજળ શું રમવાનું !
ક્ષિતિજ મોક્ષની દૂરની દૂરે
તરણી શું તરવાનું ! કેટકેટલો૦

વૈતરણી તરવાની વાતે–
ધૈર્ય થકી જીવવાનું !
ધર્મ–ધ્રુવ પર દૃષ્ટિ ધરીને
મરદાની મરવાનું. કેટકેટલો૦

ભીતર જ્વાલામુખી ધખે પણ
ઉપરથી હસવાનું !
કેટકેટલો ભવનો લઈને ભાર
અહીં જીવવાનું ! કેટકેટલો૦

— ડો. રણજિત પટેલ (અનામી)

## * સાધકને *

(રાગ : મંદિર તારું વિશ્વરૂપાળું, સુંદર સરજનહારા રે.)

સાધક જન તો તેને કહીએ,
જે પ્રીત પ્રભુમાં પરોવે રે;
સદ્‌ગુરુદેવનું શરણું શોધીને,
ભવનું બંધન તોડે રે. સાધકજન૦

વચન વિચારે શાસ્ત્ર–ગુરુનાં,
શબ્દોનો સાર નિતારે રે;
સમજે નહિ ત્યાં પૂછે ગુરુને,
પૂછીને પંડમાં પાળે રે. સાધકજન૦

ભોગમાં ભમતાં મનને રોકી,
યોગના રંગે રમાડે રે;
ઈન્દ્રિયોને અંકુશમાં રાખી,
પૂર્ણ પવિત્ર બનાવે રે. સાધકજન૦

જગમાં હરિને જગ હરિમાં,
જોતાં જીવન વિતાવે રે;
પ્રેમનું અમૃત અખંડ પીતાં,
"મા સર્વેશ્વરી" પાર ઉતારે રે. સાધકજન૦

— મંછારામ વિઠ્ઠલદાસ રામાનુજ



## * ઈશ્વરી સંપદ સમું જીવન *

(ગાન)

ઈશ્વરી સંપદ સમું જીવન જુઓ,
ઈશ્વરી પ્રતીક શો માનવ જુઓ,
જિંદગી ધૂપછાંવ શી જાણે જુઓ,
પ્રકૃતિ સુંદર અહો કેવી જુઓ!

આ ધરા, પહાડો અહો, ઝરણાં જુઓ!
ઈશ્વરી વરદાન શો સૂરજ જુઓ,
ખેતરો ને ચાંદની, સાગર, નદી,
ખીણ ને પંખી, સુમન સુંદર જુઓ.

આ સમીરણ ને કિરણ, ઉજાસ હો,
ગીત જાણે ઈશનું મીઠું જુઓ,
સંધ્યા, ઉષા ને આભ સુંદર જુઓ,
સ્વર્ગ જાણે આ ધરા ઈશનું જુઓ.

વહાલ શી વર્ષા વિભુવરની અહો!
ભક્ત સંતો શી વહે કરુણા જુઓ.

— ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

# ઘટમાંહી વહેતી ગંગાનું આચમન

જ્યોત્સ્ના ભરતકુમાર ત્રિવેદી

શ્વેત ચાંદની પૂંજસમા હિમાલયના ગૌમુખમાંથી નીકળતી ગંગા સ્થૂળરૂપે ઉત્તર ભારત અને પૂર્વ ભારતમાં જ ભલે વહે, પણ જેણે હિમાલય જેવું ઉન્નત વ્યક્તિત્વ બનાવ્યું છે તેવા ઋષિવર્યોના દેહમાંથી પણ જ્ઞાનગંગા વહ્યા જ કરતી હોય છે. આપણને અભિપ્રેત તે માત્ર વાણી અથવા કલમદ્વારા જ નથી વહેતી, પણ તેમના અસ્તિત્વના અણુએ અણુઓમાંથી સતત નિનાદ કરતી વહ્યે જ જાય છે. તેની શીતળતા, પવિત્રતા, શાતના સ્નેહાર્દ્રતા અને બીજું સાત્ત્વિકતા જે કાંઇ છે તે સર્વથી પ્રેમીજનોને અને જિજ્ઞાસુઓને તેમાં સ્નાન કરાવતી રહે છે.

આવા જ ઋષિવર્ય શ્રી મકરંદભાઇ દવેના દર્શનનો એક અનેરો અવસર પ્રાપ્ત થયો. મારું આ પ્રથમ દર્શન નહોતું. ૧૯૬૨માં તેઓશ્રીનું પ્રથમ દર્શન થયેલું. ત્યારબાદ ઘણીવાર એ સુઅવસરો પ્રાપ્ત થયેલા. એ બીજ અંકુર બની ફૂટયું અને એ છોડે પુષ્પો પ્રગટાવી પરમિલથી આ દર્શનને મઘમઘાવી દીધું, એક દીર્ઘ છાપ અંકિત કરી ગયું.

મારા અતિ નિકટના સ્વજનના એ આધ્યાત્મિક માર્ગદર્શક અને મિત્ર. તે સ્વજનના અક્ષરધામવાસી થયા પછી તેમની પત્ની સંગે આ પવિત્ર પુરુષના દર્શને જવાનું બન્યું. વાતચીતના કેન્દ્રસ્થાનનો વિષય મૃત્યુ જ હતું. તેમણે ઇહલોક અને પરલોકના કેટલાંક રહસ્યો ખૂબ સરસ સમજાવ્યાં અને આપણને સહુને



જાણ છે કે જે વાણી અનુભૂતિની નથી હોતી તે અસરકારક નથી હોતી, પણ જે ઊંડી છાપ પાડી જાય, તે વાણી ખરે જ અનુભૂતિની આંતરિક દિવ્યભૂમિમાંથી આવતી હોય છે.

આવતાંની સાથે તેમણે કહ્યું અસ્તિત્વ તો છે જ. મૃત્યુ એક પડદો છે. તેને જ્ઞાનના દીપકથી દૂર કરી શકાય છે. ઋણાનુબંધ પણ છે જ. તે પૂરા કરવા જ પડે છે.

મેં પ્રશ્ન પૂછ્યો : ભાઇ ! નવા ઋણાનુબંધ ઊભા ના થાય તે માટે શું કરવું ? ઉત્તર : પ્રતિભાવ ન આપવો. સારું કરનાર અને ખરાબ કરનાર સર્વના કલ્યાણની જ પ્રાર્થના કરવી. એટલે નવા ઋણાનુબંધ ઊભા ન થાય.

બ્રહ્માંડના કોઇ પણ ખૂણામાં પહોંચી શકાય છે, અને તેની માટેનું સાધન છે પ્રાર્થના. પ્રાર્થના અંતરના ઊંડાણથી થયેલી હોવી જોઇએ, નિઃસ્વાર્થ હોવી જોઇએ, પ્રકાશ તરફ લઇ જનારી, ઊર્ધ્વગતિએ લઇ જનારી પ્રશાંતિ માટે હોવી જોઇએ.

ત્યારબાદ તેઓશ્રીએ પોતાના નાના ભાઇના મૃત્યુની વાત કરી, એ ભાઇના મૃત્યુ પછી પોતાની માતાના વલોપાતો યાદ કર્યા, પણ આ બધી પરિસ્થિતિમાંથી પ્રાર્થનાથી જ શાંતિ મળી. પ્રાર્થના સંભળાય જ છે. એ અંતરના અંતરતમથી, અતિ ઊંડાણથી થવી જોઇએ.

ત્યારબાદ પોતાના પિતાશ્રીના મૃત્યુને યાદ કર્યું. તેઓશ્રીના પૂ. પિતાશ્રી કન્યાશાળાના શિક્ષક. નિવૃત્ત થયા પછી ત્રણ વર્ષ જીવ્યા. ૩૦ વર્ષની નોકરી પછી નિવૃત્ત થયા. ત્યારપછી શારીરિક સ્વાસ્થ્ય ખૂબ જ નબળું રહ્યું, પણ મકરંદભાઇના પિતાશ્રીને સંતોષ હતો કે જે ત્રીસ વર્ષમાં ન કરી શક્યા તે ત્રણ વર્ષમાં કરી શક્યા. એ

દિવસોમાં એમને ખૂબ કફ પડતો. રાતોની રાતો જાગવું પડતું તેમને અને સેવા કરનાર બંનેએ. છતાં તેઓશ્રી કહેતા "મને બહુ આનંદ આવે છે." મકરંદભાઇને નવાઇ લાગે. આટલો કફ પડે છે ને આટલી વેદના છે તેમાં તો શું આનંદ આવે? પણ તેઓશ્રી તેમ જ કહે, "મને બહુ આનંદ આવે છે."

તેઓશ્રીનું સ્વાસ્થ્ય ખૂબ બગડતા મકરંદભાઇએ પૂછ્યું, "બાપુજી, કંઇ ઇચ્છા છે?" તેઓશ્રીએ કહ્યું, "ધર્મજીવનદાસજીને મળવું છે." તેઓના પિતાશ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી હતા. ત્યારે આટલી ઝડપી સંદેશા વ્યવહારની વ્યવસ્થા નહીં. ઉપરાંત સાધુશ્રી પણ વિચરણ કરતા હોય તો તેમનો સંપર્ક કેવી રીતે કરવો? મકરંદભાઇના મનમાં એ વિમાસણ ચાલ્યા જ કરતી હતી. તો તેઓના પિતાશ્રીએ કહ્યું, "મહારાજની (સ્વામિનારાયણ ભગવાનની) ઇચ્છા હશે તો મળશું. બીજે દિવસે સવારે મકરંદ-ભાઇના આશ્ચર્ય વચ્ચે પૂ. ધર્મજીવનદાસજી આવી પહોંચ્યા! સાત્ત્વિક પ્રાર્થનાનો કેવો સુંદર પ્રતિસાદ!

ધર્મજીવનદાસજીએ ખબર પૂછ્યા અને શરીર ખૂબ ખરાબ થઇ ગયું છે તેમ જણાવ્યું. તો શ્રી મકરંદભાઇના પિતાજીએ વિરલ ઉત્તર આપ્યો. "ઘોડો ભલે માંદો છે, પણ અસવારને શું થયું છે?"

મકરંદભાઇની ઇચ્છા કે બાપુજી હજુ વધુ જીવે. ખૂબ જ્ઞાની પુરુષ એટલે એમને જ્ઞાન વારસામાં આપે. પણ બાપુજીએ કહ્યું, "સમય પાકી ગયો છે." સહુએ તૈયાર રહેવાનું જ છે. મોડા વહેલા સહુએ આ પ્રવાસ કરવાનો છે. સહન કરવું, નવા ઋણાનુ-બંધ નિર્માણ ન થાય તે માટેની પ્રાર્થના કરવી, અને જાગૃતતા



રાખવી. બાપુજી સ્થૂળરૂપે ગયા, પણ સૂક્ષ્મરૂપે તેઓશ્રી મકરંદ-ભાઇનું ધ્યાન રાખતા.

બાપુજીના સ્વધામગમન પછી બાની હાલત પણ નાજુક અને એઓશ્રીના હૃદયની હાલત પણ નાજુક. મકરંદભાઇને કૃષ્ણ કૃષ્ણ થયા કરે. ચેન પડે નહીં, ખાવું ન ભાવે, પીવું ન ભાવે, કંઇ સૂઝે નહીં, ઊંઘ ન આવે. ત્યારે તેઓશ્રી ગોંડલ રહે. તેઓને એમ થયું કે જૂનાગઢ જઇ આવું. ત્યાં કોઇ સંત મળે મારી સમસ્યાઓ ઉકેલે અને મને શાંતિ આપે. આમે હિમાલય તપોભૂમિ અને જૂનાગઢ સિદ્ધોની ભૂમિ ગણાય. બાની નાજુક તબિયત છતાં ત્રણ દિવસની રજા માગી અને ભાથું બનાવી આપવાનું કહ્યું. રાત્રે બધી તૈયારી થઇ ગઇ. સવારે જવાનું હતું, તે દિવસે રાત્રે તેમણે (મકરંદભાઇના પિતાશ્રીએ) ત્રણ વાગે આવી કહ્યું, "જવાની જરૂર નથી, જૂનાગઢ સામે આવશે." મકરંદભાઇ વિમાસણમાં પડયા. સવારે ઊઠી બાને વાત કરી, બાએ કહ્યું, "તારા બાપુ કદી ખોટું બોલતા નહીં." મકરંદભાઇએ પણ બાના એ અભિપ્રાયને માન આપ્યું. ત્યારે શ્રી નાથાલાલભાઇ જોષી જૂનાગઢ રહે, અને તેઓ ખરેખર આવી પહોંચ્યા. અને તેમને મળી શ્રી મકરંદભાઇએ પોતાના પ્રશ્નોનું નિરાકરણ મેળવી લીધું. એમને આ રીતે શાંતિ થઇ ગઇ. આ બધું મેળવવા માટે શરણાગતિ લેવી પડે. એને સોંપીને ચાલવું પડે. એ ચલાવે જ. આ બધું આપણને આપણા શ્રી શ્રીમાના જીવનમાં પણ કેવું સરસ દેખાય છે!

મેં કહ્યું, "ભાઇ, કેટલીક વખત આપણે ખૂબ જાણતા હોઇએ, ખૂબ સમજતા હોઇએ, છતાં આ લેસન આપણને ખૂબ અઘરું લાગે છે."

ભાઇએ જવાબ આપ્યો, "આપણે આ બધું સૂક્ષ્મ જગતમાં કબૂલ્યું હોય છે. સ્થૂળ જગતમાં આવીને આપણે ભૂલી જઇએ છીએ."

ત્યારપછી થોડા દિવસ પૂર્વે તેમની મુલાકાતે આવેલી એક બ્હેનની વાત કરી. એ બ્હેનના પતિનું પણ એક મોટર અકસ્માતમાં મૃત્યુ થયેલું. એ બ્હેન આવ્યાં એટલે દિવંગત આત્માની પૂ. ભાઇ અને તે બ્હેનને ઝાંખી થઇ; પણ પછી તે તે જ છે કે નહીં તેની ખાત્રી શું? તો તેમણે કહ્યું, "મેં નીકળતા પહેલાં એમને સાંઇબાબાને હાર ચઢાવવાનું કહેલું. એ વાત સાચી નીકળી. આજે સાંઇબાબાના નામસ્મરણથી બ્હેનને શાંતિ મળે છે.

ભાઇ સાથે સવારનો વાર્તાલાપ આટલે પૂરો થયો.

ત્યારબાદ પૂ. બ્હેનને (શ્રીમતી કુંદનિકા કાપડિયાને) મળ્યાં. નંદીગ્રામનું દ્વિતીય હૃદય તે પૂ. બ્હેન. જેવું નંદીગ્રામ કુદરતી હરિયાળીથી ભરપૂર તેવું જ પૂ. બ્હેનના હૃદય વૈભવથી વૈભવશાળી. પ્રાચીન ગુરુમાતાઓની યાદ અપાવે તેવું તેમનું વ્યક્તિત્વ સરળ, સહજ નિરાભિમાની, કર્તવ્ય–પરાયણ, ચોકસાઇ, ચોખ્ખાઇ સ્વપ્નદૃષ્ટાપણા જેવા અનેક સદ્‌ગુણોથી ભર્યું ભર્યું અને ભાવસભર એમનું જીવન.

મેં પૂછ્યું, "બ્હેન, આટલી પ્રવૃત્તિ કરતાં કરતાં લેખનનો સમય મળે છે?" પૂ. બ્હેને હસીને ના પાડી. પછી કહ્યું, "ઊઘડતાં દ્વાર અંતરનાં" "પરમ સમીપે" એ બે કૃતિઓના સર્જનથી ખૂબ આનંદ છે કે જેણે અનેક જીવોને સરસ વળાંક આપવામાં મદદ કરી છે, ઉપયોગી થઇ છે. પછી વાંચનના સમયની વાત નીકળી તેમણે કહ્યું, "Many Lives Many Masters." પુસ્તક વાંચ્યું તેની અંદરની એક વાત કહે.



"એક બ્હેનને ગળામાં ગોળી ગળતાં ખૂબ જ તકલીફ પડે. બધી જ તપાસ કરાવી લીધી. તપાસમાં કંઇ આવે નહીં, અને આમની વેદના ઓછી થાય નહીં. ત્યાર પછી સાઇક્યાટ્રીસ્ટ પાસે લઇ જવામાં આવ્યાં. સાઇક્યાટ્રીસ્ટે હીપ્નોથેરેપી અપનાવી. તેમાં Go back, Go back, એમ જતાં આ જ જીવનમાં નહીં પણ પાછલા જન્મોમાં પણ જવાયું, અને ત્યારે ખબર પડી કે કોઇક એક જન્મમાં તેમનું મૃત્યુ ગળું દબાવવાથી થયેલું. એની વેદના તેમને આજે થતી હતી.

જીવન કેવું સૂક્ષ્મ હોય, કેવા સંસ્કારો ક્યાં કામ કરતા હોય છે તે આપણે સામાન્ય માણસો શું સમજી શકીએ?

મેં કહ્યું, "પાતંજલયોગદર્શનમાં પતંજલિ મુનિએ કહ્યું છે કે અપરિગ્રહમાં પ્રતિષ્ઠિત થવાથી આ જન્મ અને અગાઉના જન્મોનું જ્ઞાન થાય છે.

અલ્પ આરામ પછી ફરી પાછા બપોરે એ મહર્ષિના દર્શન સત્સંગનો લાભ મળે છે. મૃત્યુને મહોત્સવરૂપે જોવાની દૃષ્ટિ કેળવવાની એ મહાપુરુષ સમજ આપ્યે જતા હતા, શ્રી શ્રી મા કહે છે તેમ મૃત્યુ દરેક ઘરનું મહેમાન છે તમે તેનું સ્વાગત શી રીતે કરો છો, તેના પર નિર્ભર છે. આ પડદાને જ્ઞાનથી હઠાવવાની વાત છે. એમણે પણ કબૂલ કર્યું કે બધું જ જાણવા છતાં, સમજવા છતાં અભાવ વર્તાય છે, આપણને રડવું પણ આવે છે. આપણે આપણા રંગમંચ પર રડતા હોઇએ છીએ, નેપથ્યે પડદા પાછળ શું ચાલતું હોય તેની આપણને ખબર પડતી નથી. પણ ત્યાર પછીના આપણાં આંસુ પ્રેમ માટે હોવાં જોઇએ, સતત ઊર્ધ્વગતિની પ્રાપ્તિ માટેનાં હોવાં જોઇએ.

નંદીગ્રામના પરિસરમાં સપ્તશૃંગી માતાની નાની પ્રતિકૃતિ છે. મૂળ સ્થળ નાસિક પાસે વણીનામના ગામથી ૪૫૦ પગથિયાંની ઊંચાઇ પર આવેલું છે. દેવીભાગવતમાં તેનો શક્તિપીઠ તરીકે ઉલ્લેખ છે. જગદંબાનું આ સ્વરૂપ અષ્ટાદશ ભૂજાનું છે. શ્રી શ્રી મા સાથે મેં આ સ્થળની યાત્રા કરેલી. તે દિવસે આપણાં મા શ્રી એટલાં પ્રસન્ન હતાં, ન જાણે એમણે ત્યાંથી શું પ્રાપ્ત કર્યું હશે! સ્થૂળ જગતના વાસી આપણને તેની શું ખબર પડે? સપ્તશૃંગી માતાની સાધના શ્રીગોરખનાથજીના ગુરુ મત્સ્યેન્દ્રનાથે કરેલી. જગદંબાના અઢાર હાથ અને દરેક હાથમાં ધારણ કરેલા જુદા જુદા અસ્ત્રશસ્ત્રો જુદાં જુદાં પ્રતીક છે. આપણી પાંચ કર્મેન્દ્રિયો અને છઠ્ઠું મન. તેની સહજ ક્રિયાઓ. સૌ પ્રથમ તેના તરફ જોવું. તેમાં રાગ પણ હોય, દ્વેષ પણ હોય. પછી તેમાં તટસ્થતા. રાગ નહીં દ્વેષ નહીં અને અંતે તેમાં સાત્ત્વિકતા એટલે છ ગુણ્યા ત્રણ = ૧૮ આ રીતની સમજ પૂ. ભાઇએ આપી.

ત્યાર પછી પિતૃતર્પણની વાત આવી. મનુસ્મૃતિમાં નિત્ય યજ્ઞોમાં એનો પણ સમાવેશ થાય છે. પૂ. ભાઇએ પાંચ નિત્ય યજ્ઞોની વાત કરી.

ઋષિયજ્ઞઃ—સત્સંગનું વાંચન, શાસ્ત્રોનો અભ્યાસ તે ઋષિયજ્ઞ.

દેવયજ્ઞઃ—પ્રાર્થના, દેવ યજન, સ્તુતિઓ વગેરે.

પિતૃયજ્ઞઃ—પિતૃતર્પણ, વડીલોનો આદર, કુળના રીતિરિવાજોનું પાલન.

નૃયજ્ઞઃ—અતિથિઓનો આદરસત્કાર.

ભૂતયજ્ઞઃ—મૂંગા પ્રાણિઓની સેવા. ચકલાને ચણ, કાગડા કૂતરા અને ગાયનો આપણી રસોઇમાંથી ભાગ, બા રોજ કહેતાં



ચકલે ચણ, કોઠારે કણ. કેવી સરસ ભાવના!

ત્યાર બાદ દિવંગત આત્માઓની કેટલીક દૃષ્ટાંતો સહિત વાતો થઇ.

મેં પૂછ્યું—ભાઇ સાધનામાં ગતિ શી રીતે પકડાય?

ઉત્તર—નામસ્મરણ. એના જેવું ઉત્તમ રસાયણ એક પણ નહીં. પોતાનું રામનામ તારકમંત્ર પુસ્તક વાંચવાની ભલામણ કરી.

આપણું સૂક્ષ્મશરીર છે તે તેજોમય પણ આપણે અસત્ય, રાગદ્વેષ, કામક્રોધ, અહંકાર, મમતાથી તેમાં ગાબડાં પાડયાં છે. હિરણ્યગર્ભની ઉપાસનાથી વળી તે શરીરને તેજોમયી બનાવી શકાય તેવું તેઓશ્રીએ જણાવ્યું.

આ અગાઉ મુંબઇમાં પણ એક મુલાકાતમાં એઓશ્રીએ જણાવેલું કે સ્થૂળકાયાનું કલેવર આપણને માતાપિતા થકી મળે છે, અને ત્યાર પછી આપણે કાયા નિર્માણ કરવાની હોય છે, જે જપ અને તપથી થાય છે. મનુષ્યજીવનનું સૌ પ્રથમ કર્તવ્ય હોય તો તે નિર્માણકાય ઘડી કાઢવાનું છે.

નંદીગ્રામના પરિસરમાં બીજી એક પ્રતિમા છે. તે શ્રી પવન-પુત્ર હનુમાનજીની. આ પ્રતિમા બીજી પ્રતિમાઓ કરતાં વિલક્ષણ છે. આમાં હનુમાનજી વીરાસનમાં વરદહસ્તમાં છે. પૂ. ભાઇનું માનવું છે કે હનુમાનજી જ આ કપરા કાળમાં બચાવી શકશે, મદદ કરી શકશે. વાત પણ સાચી છે. શ્રી હનુમાનજી પોતે ભક્ત છે અને "ઘાયલકી ગત ઘાયલ જાણે" તદનુસાર ભક્તોની મુશ્કેલીઓ તેમનાથી વધુ સારી રીતે કોણ સમજી શકે!

સાધનાત્મક જીવનમાં એક તબક્કો એવો આવે છે કે જે વાસ્તવિક જીવન છે, તે સ્વપ્નવત્ લાગે, અને દિવ્ય જીવન જ

સાચું લાગે. ત્યારે તે તપસ્વીઓને સ્થૂળ વ્યવહાર કરવા એટલા મુશ્કેલ લાગે. આપણે સહુ પણ પૂ. બાપજીમાં અને શ્રી શ્રી માના જીવનમાં આ જોઇ શકીએ છીએ. આ બધામાં નિષ્કામભાવે તપસ્યા કરવી જ પડે. પાત્રતા કેળવવી પડે.

મેં પ્રશ્ન પૂછ્યો—કેટલીક વાર ભવિષ્યમાં બનવાની ઘટનાઓનો સંતપુરુષો સહજ ઉલ્લેખ કરી જાય, તેવું શી રીતે બને!

પૂ. ભાઇએ કહ્યું, "એવી એક લહર આવી જાય. તેમાં તેઓને આ હકીકતો જણાઇ જાય છે. મેં શ્રી શ્રી માના હું જે પ્રસંગોની સાક્ષી હતી તે પ્રસંગોની વાત કરી.

ત્યારબાદ અમે સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગોપાલાનંદ સ્વામિ-ની વાતો કરી. સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગોપાલાનંદ સ્વામિએ અષ્ટાંગયોગ સિદ્ધ કરેલો. તેઓશ્રીએ તેના બે સુંદર પ્રસંગો કહ્યા.

એક ગરીબ ભાઇ હતા. છબીલદાસ તેમનું નામ. સન્માન અને સંપત્તિને સીધો સંબંધ છે. પછી ભલે તે ઉપયોગી હોય અથવા ન હોય. તે પ્રમાણે ગરીબાઇને લીધે આ છબીલદાસનું કોઇ માન નહીં, પણ સ્વામિ તેમને બહુ પ્રેમથી રાખે, અને ખવડાવે પીવડાવે. આ ભાઇ પણ કર્તવ્ય નિષ્ઠાવાળા. સ્વામિનું કંઇ પણ કામ કરી આપે. આમ કામ કરતાં કરતાં એક દિવસ શ્રી છબીલદાસને રાજના કારભારીનું પદ મળ્યું. મુશ્કેલીના સમયમાં સ્વામિએ સાચવેલા એટલે આવા ઉચ્ચ હોદ્દા પછી પણ સ્વામીને મળવા આવે, પણ સ્વામીને કારભારી જેવા સ્થૂળ પદોની બહુ ગણના નહીં. એ તો મૂળના પ્રેમ પ્રમાણે છબલા જ કહી બોલાવે. આ ભાઇને તે ગમે નહીં. તેમણે કોઇની આગળ હૈયાવરાળ કાઢી. "સ્વામિમાં વિવેક નથી, હજી મને છબલા જ કહે છે." સ્વામિએ



આ વાત ધ્યાનમાં રાખી, અને થોડા દિવસ પછી કંઇક ગરબડમાં આ છબીલદાસજી મૂળસ્વરૂપમાં આવી ગયા, પાછા સ્વામિ પાસે ગયા. પછી સ્વામિએ કહ્યું, "આવો આવો છબીલદાસજી હવે હું વિવેક જાળવું છું."

બીજા એક ભાઇનો પુત્ર અક્ષરવાસી થયો. સ્વામીએ એમને શાંત પાડયા. પોતાની પાસે રાખી જમાડયા. ખૂબ પ્રેમ કર્યો. ત્યાં બીજા એક સત્સંગી ભાઇથી આ બધું સહન થયું નહીં. તેમણે કહ્યું, "આમ શું કરો છો? સંસારીઓની જેમ જ્ઞાનની વાતો કરો, જ્ઞાનનો ઉપદેશ આપો." થોડો સમય થયો ને તે ભાઇની બકરી મરી ગઇ. તે રડે. તેના બમણા વેગથી સ્વામી રડે. પછી પેલા સત્સંગીએ પૂછ્યું, "આપ શા માટે રડો છો? તો તેઓએ કહ્યું, "તારી તો આજે બકરી મરી ગઇ, પણ મારી તો તે દિવસે વાતો મરી ગઇ!"

ત્યારબાદ આ સત્સંગ માણતા રાત્રે આઠ વાગે પૂ. બ્હેનનો સત્સંગ થયો, જેની અંદર હનુમાન ચાલીસાનું ગાન થયું, ભજન થયાં, અને વર્તમાન પત્રમાં આઝાદી બચાઓ આંદોલનના નેતા યુવા વૈજ્ઞાનિક શ્રી રાજીવ દીક્ષિતના વિષેના લેખનું વાંચન થયું.

નંદીગ્રામ ખૂબ શાંત રાત્રિની નિરવ શાંતિમાં આ ઋષિ-દંપતીના આંદોલનો તેનું કામ કર્યાં જ કરતાં હતાં. અમે પણ અમારા નિત્યપાઠ કર્યાં. અષ્ટાદશભુજા મા, પવનપુત્ર હનુમાનનું સ્મરણ કરતાં કરતાં નિદ્રાધીન થયાં.

નંદીગ્રામનું જીવન આશ્રમજીવન છે. શિસ્તબદ્ધ, ત્યાં સવારે પાંચ વાગે ઘંટ પડે છે ત્યારે સહુએ ઊઠી જવાનું હોય છે. પછી નિત્યકર્મથી પરવારી સવારે ૬—૪૫ વાગે સમશૃંગી માતાના

મંદિરમાં પ્રાર્થના સભા થાય છે, જેમાં ઈશાવાસ્ય ઉપનિષદના શ્લોકો, ગીતાપાઠ, આશ્રમ ભજનાવલિમાંથી ભજન, ઊઘડતાં દ્વાર અંતરના, તેમાંથી જે તારીખ હોય તે દિવસનું વાંચન શ્રી ભાઇના વિષ્ણુસહસ્રનામ પુસ્તકમાંથી એક નામનું વાંચન અને અંતે સૂર્યદેવને ગાયત્રીમંત્રથી પ્રણામ કરી પ્રાર્થનાની પરિસમાપ્તિ થાય છે. આ બધો કાર્યક્રમ લગભગ પોણો કલાક સુધી ચાલે છે. ત્યારબાદ પૂ. ભાઇનું સ્વાસ્થ્ય સારું હોય તો દસ પંદર મિનિટ મળે છે. અમને પણ એ સૌભાગ્ય પ્રાપ્ત થયું.

વાર્તાલાપની શરૂઆત ઈશ્વરના માર્ગે જવાનો જે પંથ છે તે ખૂબ લાંબો છે અને વચ્ચે હર્ડલ (અવરોધો) પણ ઘણા. તેમાં નામસ્મરણ જ મદદ કરે છે. મેં પૂછ્યું, "ભાઇ, અનુષ્ઠાન પછી દશાંશ હોમ શા માટે કરવો જોઇએ? નામસ્મરણ કરતાં કરતાં આપણું વિચરણ કરવાની વૃત્તિવાળું મન ૧૦ મા ભાગ સુધી એમાં જોડાયેલું રહ્યું હોય તે માટે કરવું જોઇએ. મેં બીજા એક પુસ્તકમાં એવું પણ વાંચેલું કે જે યજ્ઞમાં હોમીએ છીએ તેનું ફળ દસગણું મળે છે. એટલે કદાચ દશાંશ હોમ કરવાથી સંપૂર્ણ નામસ્મરણનું ફળ મળી જાય તેવું હશે.

તેઓશ્રીએ આ બધી ક્રિયાઓ કરતાં પહેલાં ન્યાસ, દિગ્બંધ અને કવચ કરવાં જોઇએ તે સમજાવ્યું. એટલે આપણી સાત્ત્વિકતામાં જ રહીએ. આજે આપણને ધાર્યું પરિણામ નથી મળતું તેનું કારણ ઘણીવાર આ હોય છે. જેને આપણે ગૌણ ગણી અવગણીએ છીએ, તે બધી ક્રિયાઓ કરવી જોઇએ.

જે પોતાની ફરજો બરાબર બજાવે છે તેને જીવનમાં બધું જ આવી મળે છે. મેં મારા બાળપણમાં મારા માતાપિતાનું જીવન



જોયેલું. આવા નાનામોટા અનેક પ્રસંગો જોયેલા તેની મારા જીવન પર ખૂબ અસર રહીં. મારાં માતાપિતાની સેવા કરેલી. ક્યારેક ઊંઘ આવતી તો મારી જાતને સમજાવતો ઊંઘ તો મળશે, પણ આવો અવસર નહીં મળે અને ખૂબ પ્રેમપૂર્વક તે કરેલું. તેનું જીવનમાં ફળ મળે જ છે.

પછી શ્રી કબીર સાહેબની વાત કરી. એક ભક્તને એક સંતે કબીરસાહેબને મળવા મોકલ્યા. કબીરસાહેબ સ્મશાનમાં ગયેલા હતા. પછી સ્મશાનમાં તો ઘણા જણ હોય. કબીરસાહેબને શી રીતે ઓળખી શકાય? એટલે તે પાછા આવ્યા. પછી પેલા સંતે કહ્યું કે જેના માથા પર દીવો બળે તે કબીરસાહેબ. સ્મશાનમાં તો સહુનામાં તીવ્ર વૈરાગ્યભાવ હોય એટલે તે સમયે સહુના માથા પર દીવો બળે. પેલા ભાઇ પાછા સંત પાસે આવ્યા અને કહે કે જા ઘરે આવી જેના માથા પર દીવો બળે તે કબીર. સ્મશાનમાં સહુને વૈરાગ્ય હોય પણ ઘરે આવી જે એ વૈરાગ્ય જીવંત રાખી શકે તે ખરો! અમારે પણ વિદાય લેવાની હતી અમને પણ આડકતરું સૂચન હતું. વાત તદ્દન સાચી. સાત્ત્વિક વાતાવરણમાં જ સાત્ત્વિક રહેવું અને પછી તેને વિસારે પાડવું તે કેટલું યોગ્ય!

નંદીગ્રામના આશ્રમ જીવનમાં જીવંત દેવો જે મનુષ્ય દેહમાં, પ્રાણીમાં, વનસ્પતિમાં રહેલા છે, તેની સેવા થાય છે. બાળકોની સંસ્કાર ભૂખ સાથે પેટની ક્ષુધાને પણ સંતોષવામાં આવે છે. નિઃસહાયોને અન્નવસ્ત્રનું દાન, અક્ષરજ્ઞાનનું દાન, ઔષધ અને સારવારનું દાન, તંત્રશિક્ષણનું જ્ઞાન, વ્યવસાય શિક્ષણનું જ્ઞાન આ બધું જ આપવામાં આવે છે. પોતાને સભ્ય ગણાવતા માણસો કદાચ આવા માણસો સાથે વાત પણ ન કરે. પણ પૂ. ભાઇ અને બ્હેન તો એટલા જ પ્રેમથી એમને આવકારે છે, સંતોષે છે. તેમને

સર્વ પ્રકારની પરિતૃપ્તિ આપી સંતોષનો ઓડકાર લે છે.

ધર્મસ્થાનોને આ પ્રવૃત્તિ કરવામાં બહુ તકલીફ ન પડે, પણ સમાજસેવાના નેજા હેઠળ ચાલતા આ યજ્ઞોમાં તો શ્રમ અને લક્ષ્મી બંનેની જરૂર પડે જ. પણ ટાંચા સાધનો છતાં આ કાર્યો બહુ સરસ રીતે ચાલે છે.

શ્રી ઉમાશંકર જોષીની પંડિત શ્રી ભાઇ અને પૂ. બ્હેને સંપૂર્ણ અમલમાં મૂકી છે.

વિશાળે જગ વિસ્તારે, નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ.

આ યજ્ઞમાં શ્રમરૂપી અને શ્રીરૂપી સમિધ હોમનાર સર્વને વંદન. ત્યાં સ્થાયી થઇને રહેતા ભાઇબ્હેનોને, ધરાને અને તે ઋષિદંપતિને કોટિ કોટિ વંદન.

## શ્રીનાથવચનામૃત

અગાધ ને અડગ શ્રદ્ધાના પ્રભાવે ચિત્ત શાંતિ ને નિર્ભયતાનો અનુભવ કરતું હશે.

સહજ લાભથી હર્ષને વશ થઇ જવાના સ્વભાવને ને સહજ પ્રતિકૂલતાથી ગભરાઇ જવાના સ્વભાવને સર્વને ક્ષણભંગુર સમજી-ને વશ વર્તાવવા પ્રયત્નવાન રહેશો.

ઇષ્ટમંત્રનો જપ ને ઇષ્ટદેવનું ધ્યાન કરવાથી, સાત્ત્વિક વિચારો સાત્ત્વિક પુરુષોનો સમાગમ ને સાત્ત્વિક ગ્રંથનું વાચન કરવાથી, સાત્ત્વિક સ્થાનમાં રહેવાથી, ને સત્ત્વગુણી આહાર રાખી કામ ક્રોધ ને લોભને વશ વર્તાવવાથી ચિત્તમાં સત્ત્વગુણ વધારી શકાય છે.

(બ્રહ્મનિષ્ઠ શ્રીમન્નથુરામશર્મા)

## સુવાક્ય

ઉત્તમ વિચાર કે ઉત્તમ કોટિનું જ્ઞાન એક મોટી થાપણ બરાબર છે. તેનાથી જીવન સંવાદી, સુખી અને સમૃદ્ધ બને છે ને શાંતિ મેળવે છે.

યોગેશ્વરજી

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૯૫૨૮૩

## Maa's Edmonton Yatra or

## Yatra Into the Rockies with Maa

**Adarshben Gopal**

Maa Arrived in Edmonton on August 22, 1997. Maa gave darshan at Padmaben's house and the Hindu Society of Alberta before going on the Yatra. The yatra from Edmonton was from August 25, 97 till August 29, 97. It included a visit to the following sight seeing places : Malignan Canyon, Mormont Mountain, Athabaska Falls and river, columbia ice fields, Glaciers, Lake Louise, Banff Sulphur Mountain, Gondola Ride and walk up to the observatory and back; in Vancouver the Queen Elizabeth Park, Stanley Park, Fish House, Whale and Dolphin Show, World Trade Centre, Capilano Suspension Bridge and onto Victoria, Buchart Gardens, Undersea World, Royal Wax Museum and back to Vancouver on the ferry.

I have listed the names of all the places we went sight seeing. The scenery was



magnificent, breath taking at places. I stood almost in awe at certain points feeling the presence of God almost seeing Him with my human eyes. God is omnipresent and omniscient. All the nooks and crevices hold His presence but we do not feel Him with us all the time, at least I do not. Here, out in the Rockies, I felt I could almost touch Him, so powerful was His presence, I knew it was due to Maa's presence with us. At Athabaska River, Maa sprayed us with Athabaska water in a playful manner. It seemed like I was having a holy shower. Her incessant laughter and smile lit up all the hearts and faces.

At Lake Louise, we walked alongside Maa. When we arrived at Canmore, the ladies were great. They whipped up a delicious supper. We had Satsang and celebrated the birth of Lord Krishna with prayers and Garba. It was Janmasthami. The whole atmosphere was charged with love and energy.

The next day we drove to Banff and had Gondola ride to the top. It was a spectacle to behold. The mountain peaks seemed to be

doing Tapasya like the great sages. The splendid vistas along beautiful mountains ridges. It is all so peaceful and tranquil.

On route to Vancouver, we stopped for a delicious lunch. Maa joined us to give her blessings and communicated with a few of the devotees. Arrived in Vancouver quite late, so all one could think of was sleep. Maa in her compassion told us to sleep in. She knew that we all needed a little more rest this night.

Let me also add that although Maa herself is on her strict fast, she made sure that all the Yatris had enough to eat. There was variety in dishes to satisfy all the taste buds. Padmaben and company, through Maa's grace, was able to appease all appetites. We stopped after and enjoyed the delicacies.

At Stanley Park, we did garba and it was a fun filled event. Later we drove on to Capilano Suspension Bridge. Maa sent us off on the Bridge. We walked across chanting "Pauri Pauri Chad da jaa. Jai Mata di karde jaa." It was dusk and dark, yet, it was a spectacle. I bowed my head to Mother nature and we



returned. When we had all returned, Maa told the youngsters to go again and Maa joined them. of course, we weren't going to be left behind. we followed them. On the other side, we did Garba for a few minutes before returning.

The following day it was off to victoria on the ferry. As usual Maa gave Darshan and prasad. Then called me to join her in the van. I felt blessed. In fact I was so "Atma Vibhor" that I did not know how to express myself. All I could feel were the tears in my eyes. Maa communicated about Paramhansa Yoga-nanda, some great incidents in his life. She asked me if I could say something about Yogananda's life to the group. I felt I could not remember anything. Maa helped me remember some important instances and I knew that I would be able to say something, with her blessings.

On th ferry, young people were called on to say something about their experiences and feelings. I was amazed at the eloquence they exhibited.

Our first stop in Victoris was Butchart Garden. How marvellous these gardens are. The garden took on another view with Maa's presence and the walk was wonderful. I met Violets on the walk. She wanted to know about Maa and I expressed whatever little I could. She understood Maa's Maun, fasting and living on meditation as cosmic energy.

Then we visited Royal Wax Museum; saw a show at the Undersea World. The whole day was awesome. We returned to the ferry. Another person happened to start a conversation with me. She said about Maa "I looked at her and I feel Love. She is bliss". How very appropriate!

Maa told me she had been looking for a flower for me but she decided to give the whole garden instead–Jai Krupalu Maa. I felt speechless. All I could do was bow in front of her and accept with open heart all the blessings she was bestowing on me. In my journal, she drew a flower–naming and blessing each of the petals. I will cherish this forever.



In Vancouver, after Satsang, we had dinner and rest. The next day, we departed for Edmonton. By this time, our bus driver, who happened to be from Nicaragua, had been blessed by Maa. He spoke about how the chanting and the atmosphere had affected him. He loved to get Maa's blessings and Prasad. We had a group picture with Jose to commemorate.

Back in Edmonton, we had two programs on Saturday. Maa's Darshan, in the morning was at Sehgal household and in the evening at Aggarwal household. At Vijay's place, both Vijay and I got a chance to express our feelings about the trip.

Sunday evening, we had Sankirtan at Padmaben's. There flew a river of tears, tears of love, joy, blessings, blissfulness and the sorrow of parting. Each and every eye was full of love. If ever I saw GIVING in the true sense, it was in this whole 10 days. It was the labour of love. It was the GIVING of oneself. Each and every heart was touched. I am sure all souls were ONE. I certainly felt this union.

Monday September 1, 97 was the day of departure. It was a sad occasion yet exalting, because I knew Maa was going to be with each one of us in spirit. She is certainly with me. I feel her presence everywhere.

We all gathered at Padmaben's house and from there departed for the airport. Before leaving, Maa gave her blessings and Prasad.

At the airport, we took turns to do Pranam and were blessed again. As the time approached, Maa departed smiling and luminous while we all were in tears, of joy, sorrow and love.

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯



# પરમ પૂ. 'મા'ની એડમન્ટન યાત્રા

મૂળ લેખિકા : આદર્શ ગોપાલ
અંગ્રેજી લેખનો અનુવાદ : જીતુભાઈ ભટ્ટ

પરમ પૂ. મા એડમન્ટન શહેરમાં તા. ૨૨–૮–૯૭ ના રોજ પધાર્યા. પ. પૂ. માએ શ્રી પદ્માબેનના ઘેર તેમ જ આલ્બર્ટાની હિંદુ સોસાયટીમાં યાત્રા શરૂ થઈ તે પહેલા દર્શન આપેલ. એડમન્ટનની યાત્રા તા. ૨૫–૮–૯૭ થી તા. ૨૯–૮–૯૭ સુધીની હતી. તે યાત્રામાં નીચે જણાવેલ સુંદર સ્થળોનો સમાવેશ થતો હતો. આ બધાં જોવાલાયક સ્થળો છે. 'મેલીગનન કેનાયન' મરમોન્ટ પર્વત, આથાબાસ્કા ફોલ્સ અને તેની નદી, કોલમ્બીયાના બરફ આચ્છાદિત ખેતરો, હિમશિખરો, લેઈક લુઈસ, બાંફ સલ્ફરના પર્વતો, ગોંડોલાની સફર અને વેધશાળાની મુલાકાત વગેરે. વાંકુવરમાં ક્વીન એલીઝાબેથ પાર્ક, સ્ટેન્લી પાર્ક, મત્સ્ય ઘર, વ્હેઈલ અને ડોલ્ફીન માછલીનો ખેલ, વિશ્વ વ્યાપાર કેન્દ્ર, કેપલાનોનો ઝૂલતો પૂલ અને ત્યાંથી વિક્ટોરીયા. બુચાર્ટ બગીચાઓ, સમુદ્ર નીચેની દુનિયા, રોયલ વેક્ષ સંગ્રહાલય અને બોટમાં પાછા વાંકુવર.

અમોએ જોવાલાયક સ્થળોની જે મુલાકાતો લીધી તે સર્વેની એક યાદી મેં આપેલી જ છે. જે દૃશ્ય અમારી સામે આવેલ તે ખરેખર અદ્‌ભુત હતું તેમ જ ઘડીભર શ્વાસ થંભાવી દે તેવું ભવ્ય હતું. કેટલીક જગાએ તો હું ખૂબ જ પ્રભાવિત થઈ ગયેલ અને તે વખતે મને ખરેખર ઈશ્વરની અનુભૂતિ થતી લાગી. એટલું જ નહીં પણ મારી નરી આંખે તેઓને જોઈ રહી હોઉં એવો આભાસ પણ થયો. ઈશ્વર પોતે વાસ્તવમાં સર્વવ્યાપક અને સર્વજ્ઞ

છે. દરેકે દરેક ખૂણે ખાંચરે તેની હાજરી સાક્ષી પૂરે છે પણ હર વખત આપણે તેની હાજરી મહેસૂસ નથી કરી શકતા. કમસે કમ હું તો નહોતી કરી શકતી. હાલ અહીં 'રોકીઝ'નામના સ્થળે તો હું જાણે પરમાત્માને અનુપમ સ્પર્શ કરી રહી છું. એવી પ્રબળ એની હાજરી વર્તાતી હતી. અલબત્ત એનું સાચું રહસ્ય તો એ કે પરમ પૂજ્ય મા, અમારી સાથે હતાં, તે હતું. આથાબાસ્કા નદી પાસે તો પરમ પૂ. માએ અમોને આનંદમાં તરબોળ કરવા અમારી પર એ નદીનું પાણી હસતાં રમતાં છાંટયું. એવું બન્યું કે મારી ઉપર તો પવિત્ર જળની વર્ષા વરસી પડી! પરમ પૂજ્ય માનું નિરંતર મુક્ત હાસ્ય અને મંદ સ્મિત અમારા હૃદય અને ચહેરાઓને નવ-પલ્લવિત કરી ગયું.

લેઇક લુઇ ખાતે અમો માની સાથોસાથ ચાલ્યાં. અમે જ્યારે કેનમોરનામના સ્થળે પહોંચ્યાં ત્યારે ત્યાંની બહેનોએ ખરેખર અદ્‌ભુત કામ કર્યું હતું. તેઓએ ઝડપથી સ્વાદિષ્ટ ભોજન તૈયાર કરી નાંખ્યું. એ પછી અમે સત્સંગ કર્યો. અને જન્માષ્ટમી હોવાને લીધે શ્રી કૃષ્ણભગવાનના રાસગરબા પણ અમે કર્યા. સમગ્ર વાતાવરણ જાણે પ્રેમ અને શક્તિના પ્રાકટય નિમિત્તે ઉર્જાથી સભર હોય તેવું બની રહ્યું!

એ પછી બીજે દિવસે અમે બાંફ ગયા અને ત્યાં ગોન્ડોલા રાઇડદ્વારા ટોચ પર પહોંચ્યાં. એ એક દર્શનીય સ્થળ હતું. પર્વતો-નાં શિખરો જાણે આપણા ઋષિમુનિઓની જેમ તપસ્યા કરતાં હોય તેમ જણાયું. એ બધું ખૂબ જ શાંત અને નીરવ હતું.

વાંકુવર જતાં અમે સ્વાદિષ્ટ લંચ લેવા રોકાયાં. અને પૂ. મા પણ પોતાની શુભકામનાઓ દર્શાવવા અમારી સાથે જોડાયાં. વાંકુવર મોડા પહોંચ્યા તેથી પહેલો વિચાર ઊંઘ લઇ લેવાનો હતો.



પૂ. માએ પોતે અનુકંપા દર્શાવી અમો સહુને સૂઇ જવા જણાવ્યું. તેઓ જાણતાં હતાં કે અમોને તે રાતે આરામની ખૂબ જ જરૂરત હતી.

અત્યારને તબક્કે એ પણ જણાયું કે પરમ પૂ. મા પોતે ઉપવાસ પર હતાં, તેમ છતાં દરેક યાત્રિકને પૂરતું ભોજન મળી રહે છે કે કેમ એની ખાત્રી કરી લેતાં. જમવામાં પુષ્કળ વૈવિધ્ય હતું. દરેકના સ્વાદને પોષે એવી બધી જુદી જુદી વાનગીઓ તૈયાર હતી. શ્રી પદ્માબેન અને તેમના સાથીઓએ અલબત્ત પ. પૂ. માના સૌજન્યથી દરેકની ભૂખ સંતોષી. અમો ત્યાં રોકાયાં અને સ્વાદિષ્ટ વાનગીઓ માણી.

સ્ટેન્લી પાર્ક ખાતે ખૂબ આનંદ અને રમૂજ સાથે અમોએ ગરબા કર્યા. એ પછી અમે સૌ કપીલાનો ઝૂલતો પૂલ જોવા ગયાં. પૂ. માએ અમોને પૂલ ઉપર જવા પ્રેર્યાં. 'પૌરી પૌરી ચાહ દાજા' અને 'જય માતાજી કરદેજા' જેવાં પંજાબી ભજનો ગાયાં. સાંજ ઢળી ગઇ હતી અને આછો અંધકાર વ્યાપ્યો હતો, પણ દૃશ્ય ખરે જ અદ્‌ભુત હતું. પ્રકૃતિમાતાને પ્રણામ કરી અમે પાછાં ફર્યાં. જ્યારે અમે બધાં પાછાં ફર્યાં ત્યારે પ. પૂ. માએ જુવાનીયાઓને ફરી પાછા જવા કહ્યું અને ખુદ મા પોતે પણ તેઓ સાથે જોડાયાં, અલબત્ત, અમે કંઇ પાછળ રહેવાનાં નહોતાં. અમે પણ પાછળ ગયાં. બીજી તરફ અમે પાછાં ફરતાં થોડીવાર ગરબા કર્યા.

બીજે દિવસ ફરી અમે બોટ મારફત વિક્ટોરીયા ઉપડયાં. નિયમ મુજબ પૂ. માએ દર્શન આપ્યાં અને પ્રસાદ વહેંચ્યો. એ પછી મને વાહનમાં બેસી જવા આમંત્રણ આપ્યું તેથી મેં ખૂબ જ ધન્યતા અનુભવી—વાસ્તવમાં હું તો એટલી બધી આનંદ વિભોર

થઇ ગઇ કે એની અભિવ્યક્તિ જ મને ન સૂઝી. કેવળ મારી આંખોમાં આનંદના આંસુ જ ઊભરાઇ આવ્યાં, પૂ. માએ પરમ-હંસ યોગાનંદજીને અને તેઓના જીવનના અદ્દ્ભુત પ્રસંગો સૂચવ્યા પછી પૂ. માએ યોગાનંદજીના એ બધા જીવનપ્રસંગો પ્રવાસી મંડળી સમક્ષ જણાવવા મને જણાવ્યું, પરંતુ મને લાગ્યું કે મને કંઇ યાદ નથી આવતું. તેમ છતાં પૂ. માએ થોડા મહત્ત્વના પ્રસંગો યાદ કરવામાં મદદ કરી અને મને લાગ્યું કે હું કંઇક કહી શકીશ—અલબત્ત પૂ. માના આશીષ સાથે.

બોટ ઉપર પૂ. માએ યુવાનોને પોતાના અનુભવો અને લાગણીઓ વ્યક્ત કરવા જણાવ્યું. તે લોકોની વક્તૃત્વ છટા જોઇ મને ખરેખર ભારે આશ્ચર્ય થયું.

વિક્ટોરિયામાં અમારું પ્રથમ રોકાણ બુચાર્ટ ગાર્ડન્સ હતું. આ ઉદ્યાનો કેટલાં બધાં અદ્દ્ભુત છે? બાગ પોતે પૂ. માની હાજરીથી અનોખો જ જણાતો હતો, અને તેઓ સાથે ફરવાનો એ અદ્દ્ભુત અવસર હતો. રસ્તામાં અમે મારાં સ્નેહીઓ વાયોલેટ્સ મળ્યાં. તેઓ પૂ. મા વિષે જાણવા માગતાં હતાં. તેથી હું જેટલું જાણતી તે મેં જણાવ્યું. તે સ્નેહીઓ પૂ. માનું મૌન, ઉપવાસો અને ધ્યાનદ્વારા પ્રાપ્ત થતી વૈશ્વિક ઉર્જાવડે તેઓ જીવી રહ્યાં છે તે સમજી શક્યાં.

એ પછી અમે મીણના પૂતળાંઓના મ્યુઝીયમની પણ મુલા-કાત લીધી અને દરિયાની નીચેની દુનિયાનો ખેલ પણ જોયો. આમ આખો દિવસ અત્યંત પ્રભાવશાળી બની રહ્યો. અમે બોટમાં પાછાં ફર્યાં. કોઇ બીજાએ મારી સાથે વાતચીત કરવા પ્રયત્ન કર્યો. તેણીએ પૂ. મા વિષે કહ્યું. મેં તેમની સામે જોયું. મારા દિલમાં તેઓને માટે પ્રેમની લાગણી જન્મી. પૂ. મા ખુદ આનંદસ્વરૂપ છે.



તે બેનનું વિધાન કેટલું બધું યથાર્થ હતું!

પૂ. માએ કહ્યું કે મારે માટે તેઓ કોઇ યોગ્ય આપવાલાયક ફૂલની શોધમાં હતા, કિન્તુ તે પછી તેને બદલે તેઓએ આખો બગીચો જ મને આપવાનું ઠરાવ્યું. જય કૃપાળુ મા. આ સાંભળી હું તો અવાક્ જ બની ગઇ! હું તો કેવળ તેઓને નમી પડી અને તેઓશ્રીના આશીર્વાદ મારા હૃદયને સ્પર્શી ગયા. મારી ડાયરીમાં તેઓએ એક સુંદર ફૂલ દોર્યું અને તેની પાંખડીઓને આશીષ સાથે નામ આપ્યા. આ ઘટનાને જીવનપર્યંત હું માણતી રહીશ.

વાંકુવરમાં, સત્સંગ પછી અમે ભોજન લીધું અને આરામ કર્યો. બીજા દિવસે અમે એડમોન્ટોન માટે રવાના થયાં. આ સમય દરમ્યાન, અમારો બસ ડ્રાયવર જે નીકારાગુઆનો હતો તેને પૂ. માના આશીર્વાદ મળી ચૂક્યા હતા.

આ સંકીર્તન અને (આધ્યાત્મિક) વાતાવરણે તેના ઉપર કેવી અસર ઉપજાવી છે, તે તે કહેવા લાગ્યો. તેને પણ પૂ. માના હાથનો પ્રસાદ અને આશીષ લેવાનું ગમવા માંડયું. આ સ્મૃતિને સાચવી રાખવા માટે અમે આ ડ્રાયવર 'જોસ' સાથેનો ગ્રુપ ફોટો પણ લીધો.

એડમોન્ટોન પાછા ફર્યા પછી શનિવારે અમારા માટે બે કાર્યક્રમો હતા. સવારે પૂ. માનું દર્શન શ્રી સહગલના ઘરે અને સાંજે શ્રી અગ્રવાલને ત્યાં. વિજયના ઘરે મને અને વિજયને આ યાત્રાના અમારા પ્રતિભાવો વર્ણવવાની તક મળી.

રવિવારે શ્રી પદ્માબેનને ત્યાં સંકીર્તન હતું. ત્યાં પ્રેમ, આનંદ અને સુખના અશ્રુઓના ઓઘની સાથે, હવે થનારા વિયોગના આંસુઓ પણ ઊભરાયાં. એકેએક આંખમાં પ્રેમ ઊભરાતો હતો.

છેલ્લા દસ દિવસો દરમ્યાન સાચા અર્થમાં "આપવું" એ શું કહેવાય, તે મેં નિહાળ્યું એ પ્રેમની વ્યથા હતી, જેમાં વ્યક્તિનું પોતાનું પ્રદાન હતું. એકેએક હૃદયને તે સ્પર્શી ગયું. બધા જ આત્માઓ એક છે એની મને પ્રતીતિ થઇ. આ (આત્મિક) એકતાનો મેં સારો જ અનુભવ કર્યો.

સપ્ટેમ્બરની પહેલી તારીખ અને સોમવારે અમારે છૂટા પડવાનું હતું. તે એક કરુણ છતાં ઉન્નત કરે તેવી ઘટના હતી, કારણ કે હું જાણતી હતી કે સૂક્ષ્મસ્વરૂપે તો પૂ. મા અમો દરેકની સાથે રહેવાનાં. મારી સાથે તો તેઓ ખરેખર રહેવાનાં—કેમ કે હું બધે જ તેઓની (સૂક્ષ્મ) હાજરી અનુભવી રહી છું.

શ્રી પદ્માબેનને ઘેર અમે બધાં ભેગાં થયાં અને ત્યાંથી વિમાનગૃહે જવા રવાના થયાં. વિદાય થતાં પહેલાં પૂ. માએ સહુને આશીષ અને પ્રસાદ આપ્યો.

વિમાનગૃહે પણ અમે વારાફરતી પૂ. માને ફરી પ્રણામ કર્યા અને પૂ. માના ફરી આશીર્વાદ મળ્યા. સમય થતાં પૂ. માએ હસતા અને ઉજ્જવલ વદને વિદાય લીધી, જ્યારે અમે સહુ ગ્લાનિ અને પ્રેમમિશ્રિત અશ્રુ સારી રહ્યાં.



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'મારી બુદ્ધિ ઠેકાણે જ છે. ફક્ત તારા મનમાં વધારે પડતો ભય પેસી ગયો છે એટલું જ. એટલે જ તું જુદી જુદી જાતની કોઇ પણ જાતના આધાર વિનાની દલીલો કર્યા કરે છે. વિભીષણ તો શું પણ લંકાના બધા જ પ્રમુખ યોદ્ધાઓ રામ કે સુગ્રીવની પાસે ચાલ્યા જાય તોપણ મારો વાળ વાંકો નથી થવાનો. રામ તથા સુગ્રીવનો એમની સેના સાથે સંહાર કરવા માટે હું એકલો જ પૂરતો છું. મારે કોઇનો ય સાથ નથી જોઇતો.'

'તમારો વાળ પણ વાંકો ન થાય એવું જ ઇચ્છું છું, અને એટલા માટે જ તમારા ચરણમાં ફરીવાર પડીને તમને કાકલૂદી-ભરી પ્રાર્થના કરું છું કે, સીતાને છોડી દઇને, એને લઇને, વિભીષણને પગલે પગલે તમે પણ રામની પાસે પહોંચી જાવ, રામના કૃપાપાત્ર થાવ, અને એવી રીતે બગડેલી બાજીને સુધારી લો. તમારો વાળ પણ વાંકો થશે તો હું એક ક્ષણ પણ જીવતી નહિ રહી શકું.'

મંદોદરીને બેઠી કરતાં રાવણ અટ્ટહાસ્ય કરીને કહેવા માંડયો : 'જે અસંભવ છે તેની કલ્પના કરીને તું નિરર્થક દુઃખી થઇ રહી છે, મંદોદરી! બાજી તો રામની બગડી છે, મારી નથી બગડી. તું મને ઉત્સાહિત કરવાને બદલે અનુત્સાહિત બનાવી રહી છે પણ તારો એ પ્રયાસ નકામો છે. તું રાતદિન મારા અમંગલની ચિંતા કરે છે પરંતુ અમંગલ તો રામ, લક્ષ્મણ અને સુગ્રીવનું જ થવાનું

છે. લંકામાં પ્રવેશવું અને મારી સાથે યુદ્ધ આદરવું કાંઇ વાતો કરવા જેટલું સહેલું નથી, સમજી? ચારે તરફથી વિશાળ સમુદ્રથી સુરક્ષિત લંકા કાયમને માટે નિર્ભય છે. એમાં કોઇ કારણે કોઇ આવે તોપણ પોતાના કાળના અજ્ઞાત આમંત્રણથી જ આવી પહોંચે. તું રામ અને સુગ્રીવના પરાક્રમની વાત કરે છે પરંતુ હજુ એમને સમુદ્ર પાર કરીને લંકામાં તો આવવા દે. એમને અહીં આવવાની તૈયારી તો કરવા દે.'

એટલામાં તો બહારથી અવાજ આવ્યો : 'મહારાજાધિરાજ, તૈયારી થઇ ગઇ.'

રાવણ ચોંક્યો ને બોલ્યો. 'શાની તૈયારી થઇ ગઇ?'

'આજ રાતના નૃત્ય તથા નાટ્યોત્સવના આરંભની તૈયારી થઇ ગઇ. આગંતુકો આપની રાહ જુએ છે. આપ પધારો એટલે એ ઉત્સવનો આરંભ થાય.'

રાવણનું હૈયું એ સાંભળીને હેઠે બેઠું. એણે કહ્યું : 'હમણાં જ આવું છું, જા!'

પરિચારક વિદાય થયો.

રાવણ પણ ઊઠયો ને બોલ્યો : 'હું તો જરાક ચમક્યો. તૈયારી થયેલી સાંભળી પહેલાં તો શાની તૈયારી થઇ એની સમજ જ ન પડી. ચાલ હવે નાટ્યોત્સવમાં જઇએ.'

મંદોદરીએ કહ્યું : 'રામ અને સુગ્રીવની લંકા પ્રવેશની તૈયારીના સમાચાર તમને એક દિવસ એવી જ રીતે ચમકાવી ન દે મને તો એવું જ લાગે છે કે એ સમાચાર પણ એક દિવસ આવી રીતે એકાએક જ આવી મળશે.'



'તું ભવિષ્ય ભાખી રહી છે?'

'ના. ભવિષ્ય ભાખવાની શક્તિ તો મારામાં નથી. હું તો જે સંભવિત લાગે છે તે જ બતાવી રહી છું.'

'મને તેની ચિંતા નથી. ચાલ હવે ઉત્સવમાં મોડું થશે.'

'મારે ઉત્સવમાં નથી આવવું.'

'કેમ?'

'સીતાને તમે આટઆટલું દુઃખ આપો છો અને હું એવા ઉત્સવમાં આવીને આનંદ કરું? મારું મન એવા ઉત્સવો પરથી ઊઠી ગયું છે. મને એવા ઉત્સવો હવે નથી ગમતા, અને આનંદદાયક પણ નથી લાગતા. તમારે જવું હોય તો તમે એકલા જઇ શકો છો.'

'તું તો સીતાની સગી બહેન બની ગઇ લાગે છે.' રાવણ બોલી ઊઠયો : 'તારી તેના પ્રત્યેની લાગણી એવી જ છે.'

'એ લાગણી આજની નથી પરંતુ પહેલાંની છે.' મંદોદરીએ જણાવ્યું : 'અને સહજ છે. તમે સૌથી પહેલાં એના હરણની વાત કહી અને મેં એને અશોકવાટિકામાં જોઇ ત્યારથી જ એની શોકમગ્ન સુંદર મુખાકૃતિને નિહાળીને મને થયું કે એવી કોમળાંગીનું હરણ કરતાં પહેલાં તમારું હૃદય ફાટી કેમ ન ગયું? એ નિર્દોષ સુકુમારીને ઊઠાવી લાવતાં તમારો આત્મા આક્રંદ ન કરી ઊઠયો? ત્યારથી જ મારા દિલમાં એને માટે સ્થાન થઇ ગયું. તમારે તો દિલ જેવું કાંઇ છે જ ક્યાં? એટલે તો એક બાજુ એને દુઃખ આપો છો ને બીજી બાજુ ઉત્સવોનો ઉલ્લાસ માણો છો. મારાથી એવો ઉલ્લાસ નહિ માણી શકાય.'

'તારે ન આવવું હોય તો કાંઇ નહિ. હું તો આ ચાલ્યો.' કહીને રાવણ વિદાય થયો.

મંદોદરીએ ઊંડો નિઃશ્વાસ નાંખ્યો.

બે દિવસ બાદ રાવણ પોતાની ભુજાઓ પર નજર નાંખતો રાજસભામાં બેઠેલો ત્યાં જ બે ગુપ્તચરોએ સભામંડપમાં પ્રવેશ કર્યો ને કહ્યું : 'રામ તથા સુગ્રીવે સમુદ્રને બાંધી લીધો છે. આજે એ મહત્ત્વના તાજા સમાચાર પ્રાપ્ત થયા છે.'

રાવણ એ એકાએક આવી મળેલા સમાચારથી ચમક્યો અને બોલ્યો : 'સમુદ્રને બાંધી લીધો? સાગર કે ઉદધિને બાંધી દીધો? અને એ પણ રામ અને સુગ્રીવે? આ તું શું બોલે છે? અને ઊંઘમાં બોલે છે કે જાગૃતમાં?'

'જાગૃતમાં જ બોલી રહ્યો છું, અન્નદાતા! પૂરી જાગૃતિમાં જ બોલી રહ્યો છું.'

'પરંતુ એમણે સરિતાના સ્વામી સમુદ્રને બાંધ્યો કેવી રીતે?'

'એમણે કયી યુક્તિ અજમાવી તેની તો પૂરી માહિતી નથી મળતી. છતાં પણ એટલું જણાયું છે કે એમની સેનામાં નલ અને નીલ નામના યોદ્ધાઓ છે તેમની મદદથી એમણે તથા બીજા વાનર યોદ્ધાઓએ સમુદ્ર પર સેતુનું નિર્માણ કર્યું છે.'

'સેતુનું નિર્માણ કર્યું અને એ પણ સમુદ્ર પર? એ તો ખરેખર ખૂબ જ વિચિત્ર કહેવાય.'

(ક્રમશઃ)

## * અવિદ્યાને લીધે અપવિત્રમાં પવિત્ર ભાવ *

અપવિત્રમાં પવિત્ર બુદ્ધિ અવિદ્યાનું બીજું રૂપ છે. એવી બુદ્ધિ સંસારમાં ઘણાને હોય છે. શરીરના સંબંધમાં આ વાત વધારે સારી રીતે લાગું પડે છે. શરીરનો વાસ્તવિક રીતે વિચાર કરીએ તો સમજાય છે કે શરીર બહારથી પવિત્ર ને સુંદર લાગે છે, પરંતુ અંદરથી તો તદ્દન અપવિત્ર છે. એટલા માટે તો એને ગંદકીનું ઘર પણ કહેવામાં આવ્યું છે. એની બહારની શોભા કે સુંદરતા જોઇને માણસ ભૂલાવામાં પડે છે, અંધ બને છે, એને માટે લાલાયિત બને છે, ને છેવટે બરબાદીને માર્ગે પણ પગલાં ભરે છે. શરીરની સાચી પરિસ્થિતિનો વારંવાર વિચાર કરવામાં આવે તો એ પ્રમાણે ના બની શકે. જો કે શરીરની મલિનતાનાં મોટાં મોટાં ચિત્રો ને શબ્દ ચિત્રો દોરી બતાવનારા પણ શરીરના રસાસ્વાદમાં ડૂબેલા દેખાય છે, તોપણ તેમાંથી છૂટવાની જેને તીવ્ર ઇચ્છા હોય તેને માટે તો અપવિત્રતાનો એવો વિચાર મદદરૂપ જ થઇ પડે છે.

શરીરના બહારના રૂપને જ જોઇને બેસી નથી રહેવાનું, પણ એની અંદરના પરમાત્માના પવિત્ર પ્રકાશનું દર્શન કરતાં શીખવાનું છે. શરીરનો મહિમા એને લીધે જ છે, ને એને લીધે જ એને અપવિત્ર છતાં પવિત્ર ને મંગળ માનવામાં આવે છે, એ યાદ રાખવાનું છે.

યોગેશ્વરજી

# * બધા ક્લેશોનું મૂળ અવિદ્યા. *

અવિદ્યાનું સ્વરૂપ સહેલાઈથી સમજી શકાય તે માટે પતંજલિ અવિદ્યાના ચાર પ્રકાર કહી બતાવે છે. તે કહે છે કે અનિત્ય, અપવિત્ર, દુઃખ ને અનાત્મામાં નિત્ય, પવિત્ર, સુખ ને આત્મભાવની જે પ્રતીતિ થાય છે એ અવિદ્યાને લીધે છે ને એ અવિદ્યા જ કહેવાય છે. એટલે એ અનુભવી મહાપુરુષના કહેવા પ્રમાણે અવિદ્યા મુખ્યત્વે ચાર પ્રકારની છે.

(૧) અનિત્યમાં નિત્ય બુદ્ધિ (૨) અપવિત્રમાં પવિત્ર બુદ્ધિ (૩) દુઃખને સુખ માનવાની વૃત્તિ ને (૪) અનાત્મ-પદાર્થને આત્મા માની લેવો ને તે પ્રમાણે વ્યવહાર કરવો તે.

એ ચારે પ્રકારની અવિદ્યાથી માણસ સામાન્ય રીતે બંધાયેલો છે. એની અસર નીચે આવીને એ અભિમાની બને છે. રાગ ને દ્વેષનો અનુભવ કરે છે. તથા મૃત્યુના ને બીજી વસ્તુના ભયનો ભોગ બને છે. દુઃખ, દર્દ, બંધન ને અશાંતિ એને લીધે જ ઉત્પન્ન થાય છે ને વધે છે. સારા નરસા કર્મ પણ એથી પ્રેરાઈને જ કરવામાં આવે છે, ને તેમના શુભાશુભ ફળ ભોગવવા જીવને જન્મ ને મરણની ગાડીમાં બેસવું પડે છે. એ અવિદ્યાનો અંત આવતાં જીવન ભેદભાવ ને રાગદ્વેષથી રહિત, શાંત ને મુક્ત બને છે. આમ અવિદ્યાનું મહત્ત્વ એટલું મોટું છે. માટે જ આપણે ઉપર કહેલા એના પ્રકારને ટૂંકમાં છતાં સારી પેઠે સમજી લઈએ.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.